યુનિટ 1

# ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર (Industrial Sociology)

1. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનો અર્થ
2. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનું સ્વરૂપ
3. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ,
4. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર સમાજશાસ્ત્રની એક વિશિષ્ટ શાખા છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર માટે ઔદ્યોગિક સમાજશાસ્ત્ર પ્રચલિત છે. અહીં બંને શબ્દોનો ઉપયોગ કર્યો છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ વીસમી સદીના ત્રીજા દાયકામાં અમેરિકામાં થયો છે. **મિલર અને ફોર્મ** કહે છે તેમ કેટલીક **શોધોની જેમ ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર અકસ્માતથી શોધાયું હતું એલ્ટન મેયોએ** તેનાં સંશોધનો પરથી કહ્યું કે દરેક કાર્યપ્રવૃત્તિમાં કામદારો વ્યક્તિગત કામદાર તરીકે કામ કરતાં નથી પરંતુ હંમેશાં કામ કરતાં જૂથોમાં કામ કરે છે. મનોવિજ્ઞાની **એલ્ટન મેયો** કહે છે કે જ્યારે આપણે સામાજિક પ્રશ્ન વિશે વાત કરીએ છીએ ત્યારે આપણે એ ભૂલી જઈએ છીએ કે દરેક સામાજિક પ્રશ્ન છેવટે તો વ્યક્તિગત પ્રશ્ન છે. દરેક સામાજિક પ્રશ્ન વ્યક્તિગત પ્રશ્ન છે અને દરેક વ્યક્તિગત પ્રશ્ન સામાજિક છે. આમ, **મેયોની** વિચારણા મનોવિજ્ઞાન તરફથી સમાજશાસ્ત્ર તરફની છે. જૂથ એ વ્યક્તિ કરતાં ઘણું શક્તિશાળી છે. જૂથ એ સમાજશાસ્ત્રીય ઘટના છે. **એન. આર. શેઠ** નોંધે છે તેમ ભારતીય સમાજવિજ્ઞાનીઓ મહદંશે પશ્ચિમના સમાજશાસ્ત્રીઓએ વિકસાવેલી વિભાનાઓ અને અભિગમો અપનાવતા હોવાથી અમેરિકામાં ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના ઉદ્‌ભવની સંક્ષિપ્ત માહિતી ઉપયોગી બનશે. તેઓ આ સંદર્ભમાં નોંધે છે કે હાર્વર્ડ યુનિવર્સિટીના તજ્જ્ઞ માયર અને તેના સહકાર્યકરો દ્વારા ઉદ્યોગમાં નાનાં જૂથો વિશેનાં સંશોધનોમાંથી ઔદ્યોગિક સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ થયો છે. આ સંશોધનોથી એ સ્પષ્ટ થવા પામ્યું કે ઉદ્યોગમાં કામદારોમાં અનૌપચારિક જૂથો અને આંતરવૈયક્તિક સંબંધો ઔદ્યોગિક સંબંધોના રચનાતંત્રમાં અતિ અગત્યનો ભાગ ભજવે છે અને તે કામદારોની અને ઉદ્યોગની ઉત્પાદકતાના ધ્યેયોની પરિપૂર્તિ ઉપર અસર કરે છે.

પ્રારંભમાં સમાજવિજ્ઞાનીઓ ઔદ્યોગિક સમસ્યાના અભ્યાસમાં ઔદ્યોગિક કાર્યદક્ષતા અને ઉત્પાદકતા તેમજ કામદારોમાં સમાનતા અને ન્યાયનાં લોકશાહી

Scanned with OKEN Scanner

મૂલ્યો સાથે સંકળાયેલાં હતા. આ બંને બાબતો સ્વરૂપની દૃષ્ટિએ વિચારસરણીને લગતી હતી. સમાજવિજ્ઞાનીઓ ઉદ્યોગોમાં ઉત્પાદકતા અને સામાજિક સમાનતાના ધ્યેયો પ્રત્યે પ્રતિબદ્ધ હતાં. આથી ઔદ્યોગિક સમાજમાં મોટા ભાગનાં સંશોધન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉત્પાદન વ્યવસ્થામાં કામદારોના સંતોષ અને કાર્યદક્ષતા વચ્ચેના સંભવિત સંબંધ સ્થાપિત કરવાની અપેક્ષા ઉપર રચાયેલાં હતાં એલ્ટન **મેયો**ના પ્રારંભિક અભ્યાસો આ પ્રકારના હતાં. એ જ રીતે મિચિગન યુનિવર્સિટીના અભ્યાસો પણ આ પ્રકારના હતા. આમ છતાં આ સંશોધનો કાર્યપ્રેરણા વગેરે મનોવૈજ્ઞાનિક પરિબળો અને ઉત્પાદકતા વચ્ચે સ્પષ્ટ સંબંધ સ્થાપી શક્યાં નહોતાં.

**મિલર અને ફોર્મ** નોંધે છે તેમ, 1924-27નાં વર્ષો દરમિયાન અમેરિકાના શિકાગો શહેરમાં આવેલી વેસ્ટર્ન ઇલેક્ટ્રિક કંપનીના **હોથોર્ન પ્લાન્ટ** નામની ફેક્ટરીમાં ઉત્પાદનની સમસ્યા હલ કરવાના ઉપાયો શોધવાના હેતુથી કરવામાં આવેલા પ્રયોગોની નિષ્ફળતામાં ઔદ્યોગિક સમાજશાસ્ત્રનું ઉદ્‌ભવસ્થાન રહેલું છે. આ કંપનીમાં ઉત્પાદનની સમસ્યા હતી. અપેક્ષા મુજબ થવું જોઈએ તેટલું ઉત્પાદન થતું નહોતું. આથી આ કંપનીએ તજ્જ્ઞોને બોલાવ્યા અને તેમને અભ્યાસ કરી ઉત્પાદનની સમસ્યા હલ કરવાના ઉપાયો શોધી કાઢવાની કામગીરી સોંપવામાં આવી. આ તજ્જ્ઞોએ વિવિધ પ્રયોગો દ્વારા ઉત્પાદન સાથે સંબંધિત પરિબળો શોધી કાઢ્યાં. આ પરિબળોનું અસ્તિત્વ ફેક્ટરીના ઉત્પાદનમાં રહેલું નહોતું, પરંતુ ફેક્ટરીમાં કામ કરતાં કામદારોમાં રહેલાં માનવીય પરિબળો ઉત્પાદન સાથે સંબંધ ધરાવતાં હતાં. આ પ્રયોગોએ એ શોધી કાઢ્યું કે ફેક્ટરી આર્થિક અને સામાજિક એમ બે મુખ્ય કાર્યો કરે છે. આ બંને કાર્યો અવિચ્છિન્નીય છે. આથી જો ફેક્ટરીમાં માનવ સંગઠનમાં સમતુલા ન હોય તો ઉત્પાદનમાં સુધારો થશે નહીં. આમ, **હોથોર્ન પ્રયોગો**એ ઉદ્યોગોમાં માનવસંબંધોનું મહત્ત્વ સ્પષ્ટ કર્યું. એટલે કે ઉદ્યોગોમાં કામદારો દ્વારા થતા આર્થિક ઉત્પાદન કાર્યમાં માનવસંબંધો જેવાં સમાજશાસ્ત્રીય પરિબળો અગત્યનો ભાગ ભજવે છે. આ શોધે ઉદ્યોગોમાં કાર્યજૂથો અને કાર્યસંબંધોના સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં રસ જાગૃત કર્યો અને ઉદ્યોગના વિભિન્ન સામાજિક પાસાંઓને લગતા અભ્યાસો થવા લાગ્યા; ફેક્ટરીનો એક સામાજિક વ્યવસ્થા તરીકે અભ્યાસ થવા લાગ્યો, કાર્ય પરિસ્થિતિમાં આંતરવૈયક્તિક સંબંધોનો અભ્યાસ થવા લાગ્યો. ઔદ્યોગિક સંગઠનો અને સામાજિક વર્ગોનો અભ્યાસ થવા લાગ્યો. ઉદ્યોગો શહેરોમાં વિકાસ પામતાં હોવાથી શહેરોના અભ્યાસો થવા લાગ્યાં અને શહેર ઉપર ઉદ્યોગોની અસરોના અભ્યાંસો થવા લાગ્યાં તેમજ આર્થિક સંસ્થાઓના અભ્યાસો થવા લાગ્યા. **મિલર અને ફોર્મ** નોંધે છે તેમ આ પાંચેય પ્રકારના અભ્યાસોએ ઔદ્યોગિક સમાજશાસ્ત્રના ઉદ્‌ભવ-વિકાસમાં ફાળો આપ્યો છે.

**એન. આર. શેઠ** નોંધે છે તેમ, જેમ જેમ ઉદ્યોગોનું વિસ્તૃતીકરણ થવા

Scanned with OKEN Scanner

લાગ્યું તેમ તેમ ઔદ્યોગિક સંગઠનને એકરૂપતાવાળી વ્યવસ્થા તરીકે નહીં જોવાતા બહુવિધ વાસ્તવિકતાવાળી વ્યવસ્થા તરીકે જોવામાં આવ્યું. આથી ઔદ્યોગિક સમાજશાસ્ત્ર વધુને વધુ વસ્તુલક્ષી બનવા લાગ્યું અને વિશાળ રચના-કાર્યનો પરિપ્રેક્ષ્ય વિકાસ પામ્યો. પશ્ચિમના દેશોમાં ઔદ્યોગિક સમાજશાસ્ત્ર મહદંશે ઔદ્યોગિક સંગઠનોના સમાજશાસ્ત્ર સાથે સામ્ય ધરાવે છે અને તે માનવ-આંતરક્રિયાની પ્રક્રિયાઓને સમજવાની દૃષ્ટિથી વિશિષ્ટ ઔદ્યોગિક ભૂમિકાઓ અને રચનાતંત્રોનો અભ્યાસ કરે છે. બીજી બાજુ, ઔદ્યોગિક સમાજશાસ્ત્રીઓ ઔદ્યોગિક સમાજના સ્વરૂપ તેમજ **વિકસતા સમાજોના સંદર્ભમાં ઉદ્યોગીકરણના સામાજિક સૂચિતાર્થો તપાસે છે.**

## 1. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનો અર્થ (Definition of Industrial Sociology)

સમાજશાસ્ત્રમાં શ્રમવિભાજન અને વિશેષકરણની પ્રક્રિયામાં ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ-વિકાસ થયો છે. તેમાં Work ને ઉત્પાદન પ્રવૃત્તિ અને સામાજિક પ્રવૃત્તિ તરીકે જોવામાં આવી છે તથા ફેક્ટરીને એક સામાજિક વ્યવસ્થા તરીકે જોવામાં આવી છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર એક સામાજિક વ્યવસ્થા તરીકે ઉદ્યોગની રચના અને કાર્યનો તેમજ ઉદ્યોગનો સમાજ અને તેની સંસ્થાઓ સાથેનો સંબંધ તપાસે છે.

**એન. આર. શેઠ** ઔદ્યોગિક સમાજશાસ્ત્રનો અર્થ સ્પષ્ટ કરતાં નોંધે છે તેમ **વિશાળ અર્થમાં** ઔદ્યોગિક સમાજશાસ્ત્ર ઉત્પાદન વ્યવસ્થા સાથે સંબંધિત બધા જ સમાજશાસ્ત્રીય અભ્યાસોને આવરી લે છે. આ અર્થમાં ઔદ્યોગિક સમાજશાસ્ત્ર કાર્ય (Work)નું સમાજશાસ્ત્ર, વ્યવસાયોનું સમાજશાસ્ત્ર અને આર્થિક સંસ્થાઓના સમાજશાસ્ત્રને આવરી લે છે. આમ છતાં **મર્યાદિત અર્થમાં** જોતાં પ્રણાલિકાગત રીતે ઔદ્યોગિક સમાજશાસ્ત્રમાં આધુનિક ઔદ્યોગિક વ્યવસ્થા સાથે સંબંધિત અભ્યાસોનો સમાવેશ થાય છે. આધુનિક ઔદ્યોગિક વ્યવસ્થા મશીન ટેક્નોલોજીની મદદથી ભૌતિક સંપત્તિ અને સેવાઓના મોટા પાયા પરની ઉત્પાદન વ્યવસ્થા છે. આથી મશીન ટેક્નોલોજીની મદદથી ભૌતિક સંપત્તિ અને સેવાઓના મોટા પાયા પરની ઉત્પાદન વ્યવસ્થાનો અભ્યાસ કરતું સામાજિક વિજ્ઞાન એટલે **ઔદ્યોગિક સમાજશાસ્ત્ર.** સૈદ્ધાંતિક રીતે ઔદ્યોગિક સમાજશાસ્ત્રમાં ઔદ્યોગિક સંગઠનોની આસપાસ રચાયેલાં આંતરવૈયક્તિક અને આંતરજૂથ સંબંધોના અભ્યાસોનો સમાવેશ થાય છે. આ પ્રકારના અભ્યાસોમાં તે સમાજશાસ્ત્રમાં ઉપયોગમાં લેવાતી વિભાવનાઓ, પદ્ધતિઓ, સિદ્ધાંતો અને વિશ્લેષણનાં સાધનોનો ઉપયોગ કરે છે.

**શ્નીડરના** મતે ઔદ્યોગિક સમાજશાસ્ત્ર ઔદ્યોગિક ઉત્પાદન પ્રક્રિયામાં ભાગ લેવા માટેના મનુષ્યના પ્રવેશ પછીના સામાજિક સંબંધોના સમગ્ર ક્ષેત્રનો અભ્યાસ કરે છે.

Scanned with OKEN Scanner

**હેલન ગોલ્ડનર** ઔદ્યોગિક સમાજશાસ્ત્રની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે : "જે સામાજિક સંબંધો આર્થિક પ્રવૃત્તિ પર અસર ઉપજાવતા હોય અને આર્થિક પ્રવૃત્તિ દ્વારા અસર પામતા હોય તેવા સામાજિક સંબંધોનો અભ્યાસ ઔદ્યોગિક સમાજશાસ્ત્ર કરે છે.

**મિલર** નોંધે છે તેમ ઔદ્યોગિક સમાજશાસ્ત્ર કાર્યજીવનનું સામાજિક અનુકૂલન (કામદારોનું સ્થાયિત્વ) અને કાર્યમાં સામાજિક પરિબળોનો તેમજ ફેક્ટરી, ઑફિસ, હૉસ્પિટલ, રેસ્ટોરન્ટ, સ્કૂલ અને સ્ટૉર જેવા કાર્યસ્થળોનો અભ્યાસ કરે છે.

**લુપટનના** મતે ઔદ્યોગિક સમાજશાસ્ત્ર ફેક્ટરીની સામાજિક વ્યવસ્થાનો તેમજ ફેક્ટરી બહારની અસરો જે ફેક્ટરીની સામાજિક વ્યવસ્થાને અસર કરે છે તેનો અભ્યાસ કરે છે.

**બેન્ડીક્ષ** ઔદ્યોગિક સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપતા નોંધે છે કે ઔદ્યોગિક સમાજશાસ્ત્ર કાર્યસંસ્થાનો, કાર્યજૂથોનો અને કાર્યભૂમિકાઓનો અભ્યાસ કરે છે.

**મિલર અને ફોર્મના** મતે ઔદ્યોગિક સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં કાર્યસમૂહ, કાર્યસંબંધો, કામદારની ભૂમિકા અને કાર્યસંસ્થાનના સામાજિક સંગઠનના અભ્યાસોનો સમાવેશ થાય છે.

શાબ્દિક દૃષ્ટિએ ભિન્ન જણાતી આ બધી વ્યાખ્યાઓમાં કેટલાંક સમાન તત્ત્વો રહેલાં છે. બધી વ્યાખ્યાઓ ફેક્ટરી (કાર્યસંસ્થાન)ની આંતરિક સામાજિક વ્યવસ્થા અને બાહ્ય સામાજિક અસરો વચ્ચેના સંબંધના અભ્યાસને સૂચિત કરે છે. આ બાબતને લક્ષમાં લઈને એમ કહી શકાય કે ઔદ્યોગિક સમાજશાસ્ત્રને ઉદ્યોગના સંગઠનાત્મક માળખામાં સામાજિક સંબંધોના અભ્યાસ કરતા સામાજિક વિજ્ઞાન તરીકે તેમજ આ સંબંધો સમાજ ઉપર કઈ રીતે અસર કરે છે તથા કઈ રીતે સમાજ દ્વારા અસર પામે છે તેનો અભ્યાસ કરતા સામાજિક વિજ્ઞાન તરીકે વ્યાખ્યાબદ્ધ કરી શકાય. સંક્ષેપમાં કહીએ તો ઔદ્યોગિક સમાજશાસ્ત્ર એક સામાજિક વ્યવસ્થા તરીકે ઉદ્યોગ કે કોઈપણ સ્વરૂપના કાર્યસંગઠનનો અભ્યાસ કરે છે. તેમજ તે આ સામાજિક વ્યવસ્થાના રચનાતંત્ર, કાર્ય અને પરિવર્તન ઉપર અસર કરતાં પરિબળો તપાસે છે.

## 2. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનું સ્વરૂપ
## (Nature of Industrial Sociology)

સમાજશાસ્ત્રની એક વિશિષ્ટ શાખા તરીકે ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગનો એક સામજિક સંગઠન તરીકે અભ્યાસ કરતું સામાજિક વિજ્ઞાન છે. ઉદ્યોગ એ મશીન અને શક્તિના નિર્જીવ સ્ત્રોતો ઉપર આધારિત ઉત્પાદનની રીત છે, જે ઉત્પાદનની કારખાના પદ્ધતિ તરીકે ઓળખાય છે. કારખાનાને એક સામાજિક

Scanned with OKEN Scanner

વ્યવસ્થા તરીકે જોવામાં આવતું હોવાથી કારખાના પદ્ધતિ ઉપર વિકસેલા સમાજને ઔદ્યોગિક સમાજ તરીકે ઓળખવામાં આવે છે. ઔદ્યોગિક સમાજમાં વિશાળ પાયા પર ઉત્પાદન કરવા માટે શક્તિના નિર્જીવ સ્ત્રોતો સંચાલિત મશીનો અર્થાત્ યંત્રશક્તિનો ઉપયોગ આધુનિક ઔદ્યોગિક સમાજની ખાસિયત છે.

**મૂરે** ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના સ્વરૂપનું વર્ણન કરતાં નોંધે છે તેમ, આજે આપણે ઔદ્યોગિક યુગમાં જીવી રહ્યા છીએ. આપણે ખરીદીએ છીએ અને ઉપયોગ કરીએ છીએ તે લગભગ દરેક વસ્તુ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મશીનની પેદાશ છે. આપણાં નોકરી-ધંધા જ નહીં પરંતુ આપણી નવરાશની પ્રવૃત્તિઓ પણ મશીનો સાથે સંકળાયેલી છે.

**શ્નીડર** કહે છે કે વિશાળ કારખાના કે ઔદ્યોગિક એકમોમાં યંત્ર અને યાંત્રિક સાધનો તેમજ યાંત્રિક શક્તિની મદદથી માલ અને સેવાઓનું જથ્થાબંધ ઉત્પાદન એ આજના મહાસમાજની વિશિષ્ટતા છે. વિશાળ પાયા પરનું માલનું ઉત્પાદન અને ઉદ્યોગોનું પ્રાધાન્ય આજના માનવ સમાજમાં જોઈ શકાય છે. દરેક રાષ્ટ્ર આજે ઝડપી ઉદ્યોગીકરણ અને યાંત્રીકરણ દ્વારા વિકાસ કરી સમૃદ્ધિના શિખરો સર કરવા પ્રયત્નશીલ છે. ખેતીપ્રધાન દેશો ઉદ્યોગીકરણ દ્વારા ધીમે ધીમે ઉદ્યોગપ્રધાન દેશો બનતા જાય છે. આથી આજના યુગને ઔદ્યોગિક અને હવે અનુઔદ્યોગિક યુગ ગણવામાં આવે છે. જેમાં તજ્જ્ઞો અને તંત્રજ્ઞો, જ્ઞાન-માહિતી અને સેવા વ્યવસાય-ઉદ્યોગોનું પ્રાધાન્ય પ્રસ્થાપિત થવા લાગ્યું છે. ઉદ્યોગીકરણ અને યાંત્રીકરણ માનવસમાજને અનેકવિધ સાધનસામગ્રી અને સગવડોની ભેટ ધરી છે એ ખરું, પરંતુ અનેક પ્રશ્નો પણ ઊભા કર્યા છે.

ઉદ્યોગોનો પ્રારંભ તો ઘણાં વર્ષો પહેલાં થયો પરંતુ ઉદ્યોગને એક અભ્યાસક્ષેત્ર તરીકે લઈને તેનો અભ્યાસ કરવાનું પ્રમાણમાં ઘણું પાછળથી શરૂ થયું. ઉદ્યોગ એક જટિલ સામાજિક સંગઠનની રચના છે. તેની સમજ મેળવવાના પ્રયાસોમાંથી **ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર કે ઉદ્યોગોનું સમાજશાસ્ત્રનો** ઉદ્ભવ થયો છે.

ખાસ કરીને અમેરિકામાં 1920ના દાયકામાં ઉદ્યોગોમાં ઉત્પાદન વધારવાની જરૂરિયાત ઊભી થવા પામી. કામદારોને ઘણી સુવિધાઓ આપવા છતાં માલના ઉત્પાદનના પ્રમાણમાં વૃદ્ધિ થતી નહીં. આ સમસ્યાનાં કારણોની શોધ થવા લાગી. **એલ્ટન મેયો**ની રાહબરી હેઠળ **હોર્થોન** પ્લાન્ટનો અભ્યાસ કરવામાં આવ્યો. આ અભ્યાસમાંથી જાણવા મળ્યું કે કામદારોની કાર્યક્ષમતા ઉપર એમના સામાજિક સંબંધોની ઘેરી અસર થાય છે. કાર્યપ્રવૃત્તિ એ સામાજિક પ્રવૃત્તિ છે, તે માત્ર આર્થિક પ્રવૃત્તિ નથી તેમ જણાયું. આ સામાજિક શોધમાંથી ઔદ્યોગિક સમાજશાસ્ત્રનો ઉદ્ભવ થયો. ઔદ્યોગિક સમાજશાસ્ત્ર ઉદ્યોગોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરે છે. આ અભ્યાસો ઉદ્યોગના સંચાલકોને ઔદ્યોગિક સંબંધો તેમજ મજૂરનીતિ નક્કી કરવામાં

Scanned with OKEN Scanner

ઉપયોગી બને છે. સમાજશાસ્ત્રની વિશિષ્ટ શાખા તરીકે અને એક સામાજિક વિજ્ઞાન તરીકે ઔદ્યોગિક સમાજશાસ્ત્ર અન્ય સામાજિક વિજ્ઞાનો સાથે સંબંધ ધરાવે છે.

**મૂરે અને શ્નીડર** નામના ઔદ્યોગિક સમાજશાસ્ત્રીઓએ ઔદ્યોગિક સમાજશાસ્ત્રના સ્વરૂપનું જે વર્ણન કર્યું છે તેના આધારે ઔદ્યોગિક સમાજશાસ્ત્રનું સ્વરૂપ આ પ્રમાણે વર્ણવી શકાય :

**(1) ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર સામાન્ય સમાજશાસ્ત્રની એક વિશિષ્ટ શાખા છે :**

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર સામાન્ય સમાજશાસ્ત્રની એક શાખા તરીકે સામાજિક વિજ્ઞાન તરીકેની લાક્ષણિકતાઓ ધરાવે છે. એટલે કે તે અનુભવલક્ષિતા, હકીકતલક્ષિતા, વસ્તુલક્ષિતા, નૈતિક તાટસ્થ્ય વગેરે લાક્ષણિકતાઓ ધરાવે છે. સમાજશાસ્ત્ર સામાન્યીકરણ કરતું વિજ્ઞાન છે તેમજ તે વિશેષીકરણ કરતું (Specializing) વિજ્ઞાન છે. આથી ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર સમાજશાસ્ત્રની શાખા તરીકે ઉદ્યોગોના અભ્યાસમાં આ બંને પાસાંમાં પોતાનું પ્રદાન આપે છે. શ્નીડર નોંધે છે તેમ, ઉદ્યોગના પ્રવેશને કારણે પલટાયેલા સામાજિક સંબંધો અને પરિવર્તનના સ્વરૂપની સમજ ઔદ્યોગિક સમાજશાસ્ત્રમાંથી મળે છે. આ શાસ્ત્રમાં સમાજશાસ્ત્રીય જ્ઞાનની મદદથી ઉદ્યોગ માંહેના સામાજિક સંબંધોનો અભ્યાસ કરવામાં આવતો હોવાથી ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર, સમાજશાસ્ત્રની શાખા છે.

**(2) અન્ય સમાજવિજ્ઞાનીઓ ઉદ્યોગના અભ્યાસમાં જે પાસાંની અવગણના કરે છે તે પાસાંનો અભ્યાસ :**

વિશેષીકરણ કરતાં વિજ્ઞાન તરીકે ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર અન્ય સમાજ-વિજ્ઞાનીઓ સમાજજીવનના જે પાસાંના અભ્યાસની અવગણના કરે છે તેવાં કેટલાંક પાસાંનો અભ્યાસ કરે છે. દા.ત., ઉદ્યોગમાં વિકસેલાં અનૌપચારિક જૂથોનો અભ્યાસ અર્થશાસ્ત્રીઓ કરતા નથી. ઔદ્યોગિક સમાજશાસ્ત્ર ઉદ્યોગના સમાજિક સંગઠનના અભ્યાસમાં અનૌપચારિક જૂથોનો ઉદ્ભવ, સ્વરૂપ, હેતુ, તેની ઔપચારિક સંગઠન ઉપર થતી અસર વગેરે બાબતોને આવરી લે છે. એ જ રીતે નોકરશાહી તરીકે ઓળખાતા ઉદ્યોગના ઔપચારિક રચનાતંત્રનો અભ્યાસ કરે છે જેની અન્ય સમાજવિજ્ઞાનો દ્વારા અવગણના થતી હોય છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગમાં સામાજિક સંઘર્ષની પ્રક્રિયા તરીકે ઔદ્યોગિક ઝઘડાનો પણ અભ્યાસ કરે છે.

**(3) ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગમાં સામાજિક પરિબળો તપાસે છે :**

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગના અભ્યાસમાં ઉદ્યોગમાં જોવા મળતાં કાર્યજૂથો, ભૂમિકાઓ દરજ્જાઓ, પ્રેરકો, મૂલ્યો, સામાજિક વલણોના વિશ્લેષણ ઉપર ભાર

Scanned with OKEN Scanner

મૂકે છે. તે ઔદ્યોગિક સંઘર્ષ, ઉત્પાદકતા, સ્થાયિત્વ, ગેરહાજરી કે ફેરબદલી, કામદાર મંડળ વગેરેના અભ્યાસો સામાજિક પ્રક્રિયાઓ તરીકે કરે છે. સંક્ષેપમાં કહીએ તો શ્નીડર કહે છે તેમ, ઔદ્યોગિક સમાજશાસ્ત્ર સામાજિક પરિબળો ઉપર લક્ષ આપે છે.

**(4) ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર સામાન્ય સમાજશાસ્ત્રના ખ્યાલો, પદ્ધતિઓ અને સિદ્ધાંતોનો ઉપયોગ કરે છે :**

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગના એક સામાજિક સંગઠન તરીકેના અભ્યાસમાં કે ફેક્ટરીના એક સામાજિક વ્યવસ્થા તરીકેના અભ્યાસમાં સામાન્ય સમાજશાસ્ત્રમાં વિકસેલાં ખ્યાલો, પદ્ધતિઓ અને સિદ્ધાંતનો ઉપયોગ કરે છે. દા.ત., તે સામાજિક વ્યવસ્થા, ભૂમિકા, દરજ્જો, સ્થાન, સામાજિક સંગઠન, ઔપચારિક સંગઠન, અનૌપચારિક સંગઠન, જૂથ, સામાજિક સંબંધ, નોકરશાહી વગેરે ખ્યાલોનો ઉપયોગ ઉદ્યોગના વિશ્લેષણમાં કરે છે. એ જ રીતે કામદારો, મેનેજર, ફોરમેન, સુપરવાઈઝર વગેરેના અભ્યાસમાં મુલાકાત, પ્રશ્નાવલિ, અનુસૂચિ, સહભાગી નિરીક્ષણ, દસ્તાવેજી સ્ત્રોતો, આંકડાશાસ્ત્રીય અને સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરે છે. ઉદ્યોગનો એક સામાજિક વ્યવસ્થા તરીકે અભ્યાસ કરવામાં ઔદ્યોગિક સમાજશાસ્ત્ર રચનાકાર્યનો અભિગમ અપનાવે છે.

**(5) ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર વ્યવહારલક્ષી વિજ્ઞાન તરીકે :**

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર વ્યવહારલક્ષી વિજ્ઞાનનું પાસું ધરાવે છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના તારણોની મદદથી ઉત્પાદકતા અને ઉત્પાદન વધારી શકાય છે, ઉદ્યોગલક્ષી શાંતિ સ્થાપી શકાય છે, કામદાર કલ્યાણ સાધી શકાય છે, કામદારોનું સ્થાયિત્વ વધારી શકાય છે અને ફેરબદલી ઘટાડી શકાય છે. **શ્નીડર** કહે છે કે ઉદ્યોગ ક્ષેત્રે ઊભા થતા પ્રશ્નોના ઉકેલ માટે જ્યારે સમાજશાસ્ત્રના જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તે 'ઉદ્યોગમાં વ્યવહારલક્ષી સમાજશાસ્ત્ર' બને છે, જેનો દૃષ્ટિકોણ મુખ્યત્વે 'ઉદ્યોગમાં સમસ્યાલક્ષી અભિગમ' હોવાનું કહી શકાય. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર આનાથી કંઈક વિશેષ છે. તે એક સામાજિક વિજ્ઞાન છે અને તેમાં સમાજશાસ્ત્રના સિદ્ધાંતો ઉદ્યોગના સંગઠનને લાગુ પાડવામાં આવે છે.

**મૂરે** નોંધે છે તેમ સમાજમાં ઉદ્યોગનું સ્થાન અને ઉદ્યોગલક્ષી સંબંધનો અભ્યાસ કરવા માટે અપનાવવામાં આવેલા અભિગમને **વ્યવહારલક્ષી સમાજશાસ્ત્ર** કહી શકાય. સમાજશાસ્ત્રીઓએ ઉદ્યોગોને અભ્યાસના ક્ષેત્ર તરીકે અને તેમાં સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોને લાગુ પાડવામાં વિશેષ રસ દાખવ્યો નથી. સમાજશાસ્ત્રીઓનો રસ ઔદ્યોગિક મજૂર અને ઔદ્યોગિક ભંગાણમાંથી નીપજતી કેટલીક સમસ્યાઓ તરફ જ રહ્યો છે. જો કે તેઓ કહે છે કે સિદ્ધાંત અને સંશોધન કોઈ પણ વિજ્ઞાનમાં સાથે જ રહેવાં જોઈએ. સમાજ સાથેના ઔદ્યોગિક જીવનના

Scanned with OKEN Scanner

સંબંધને સમજવા માટે ઉપલબ્ધ સમાજશાસ્ત્રીય જ્ઞાનનો ઉપયોગ કરવો જોઈએ. ઔદ્યોગિક સંગઠનના અભ્યાસમાં નવા સિદ્ધાંતોનું ઘડતર થઈ શકે તેમ હોય તો તેમ કરવું જોઈએ.

**(6) નિરીક્ષણમાં નિષ્પક્ષપાત :**

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન તરીકેની લાક્ષણિકતાઓ ધરાવે છે. પરંતુ વ્યવહારમાં નિરીક્ષણમાં પક્ષપાત દાખવવાની સંભાવનાને અનુલક્ષીને મૂરે નોંધે છે કે ઉદ્યોગલક્ષી સંગઠન જેવા વિશાળ ક્ષેત્રમાં આપણું નિરીક્ષણ વૈજ્ઞાનિક અને પક્ષપાત વિનાનું હોવું જરૂરી છે. મજૂરોની તરફેણમાં કે વિરુદ્ધમાં જવું જોઈએ નહીં. એ જ રીતે મેનેજમેન્ટની વિરુદ્ધમાં કે તરફેણમાં જવું ન જોઈએ. ઉદ્યોગમાં રહેલાં સામાજિક તથ્યોને લગતું વૈજ્ઞાનિક જ્ઞાન મેળવાનો આપણો હેતુ છે. આથી નિરીક્ષણમાં પક્ષપાત હોવો ન જોઈએ.

**(7) માનવસંબંધો અને 'સમગ્ર' તરીકે અભ્યાસ :**

મૂરે કહે છે તેમ ઉદ્યોગના અભ્યાસમાં માનવ સંબંધો ઉપર ભાર મૂકવામાં આવે છે. ઉદ્યોગના સમાજશાસ્ત્રીઓએ પાળવાનો એક સદાચાર એ છે કે તેણે ઉદ્યોગના અભ્યાસમાં સમગ્રદર્શી અભિગમ અપનાવવો - એટલે કે ઉદ્યોગને એક સમગ્ર તરીકે જોવો અને સમજવો. તેમાં કામ કરતા લોકોના સંબંધોના સંગઠનને સમગ્રપણે જોવું અને સમજવું તેમજ તેનાં બીજાં સંગઠનો સાથેના સંબંધોને તથા સમુદાય અને સમાજ સાથેના તેના સંબંધોને તપાસવા જોઈએ.

**(8) ઉદ્યોગને એક સંગઠન તરીકે ઓળખવું :**

ફેક્ટરીમાં કામ કરતાં માણસો મશીન નથી. તેમાં જુદી જુદી કુશળતા ધરાવતા અને જુદા જુદાં કાર્યો કરતા માણસો હોય છે. તેમાં મજૂરો તરીકે કામ કરતા માણસોના કાર્યની નજીકના માર્ગદર્શકો તરીકે પ્રથમ પંક્તિના સુપરવાઇઝરો પણ હોય છે, સંચાલકો પણ હોય છે જેઓ સંગઠનની સામાન્ય નીતિ ઘડે છે અને બીજાને આ નીતિ સમજાવે છે. ઉદ્યોગમાં કેટલાક યંત્રવિજ્ઞાનના નિષ્ણાતો પણ હોય છે. આ જુદા જુદા પ્રકારના માણસો અને તેમની ક્રિયાઓના કારણે ઉદ્યોગ-ફેક્ટરીને એક સંગઠન તરીકે યોગ્ય રીતે ઓળખવું જોઈએ. કામ કરતા બધા માણસોનું એકબીજાના સંબંધમાં ચોક્કસ સ્થાન (દરજ્જો અને ભૂમિકા) હોય છે. ફેક્ટરીનું સંગઠન એ સામાજિક સંગઠન છે. એકબીજાનાં સ્થાનો અને પ્રવૃત્તિઓના પ્રશ્નોમાંથી ઘણી સમસ્યાઓ પેદા થાય છે. આ બધી સમસ્યાઓને સમજવા માટે સહકારી પ્રવૃત્તિના સિદ્ધાંતો સમજવા આવશ્યક બને છે. આનો અર્થ એ થયો કે ફેક્ટરી એક સામાજિક માળખું છે. તેમાં અરસપરસના હક્કો, ફરજો અને અપેક્ષાઓ તેમજ જવાબદારીઓ હોય છે. સંગઠનના કાર્યમાં ક્રમબદ્ધતા અને સ્થિરતા લાવવી તે આ માળખાનું કાર્ય (Function) છે. આથી ઉદ્યોગના અભ્યાસીઓ સામાજિક

એકમને સમજવા માટે તેનું મૂળભૂત રચનાતંત્ર શું છે ? કોણ શું કરે છે ? અને શા માટે ? જેવા પ્રશ્નોના ઉત્તરો મેળવવા જરૂરી છે.

ઉદ્યોગ જેમ એક મશીનની વ્યવસ્થા છે તેમ સામાજિક વ્યવસ્થા પણ છે. તે લોકોનું એક વ્યવસ્થિત સંગઠન છે અને તેવી જ રીતે મશીનનો એક કુશળ સમૂહ પણ છે. કારખાનું એક જટિલ સામાજિક સંગઠન છે આથી તેના કાર્યને સમજવા માટે સમાજશાસ્ત્રીય દષ્ટિબિંદુ ખૂબ જ અગત્યનું છે.

## 3. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ
## (Subject-Matter of Industrial Sociology)

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના વિષયવસ્તુ, કાર્યક્ષેત્ર કે વિષયસામગ્રીની હદમર્યાદા સ્પષ્ટ રીતે પરિભાષિત થઈ નથી. કારણ કે ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનું મૂળભૂત વિષયવસ્તુ 'ઉદ્યોગ' છે. પરંતુ ઘણા અભ્યાસો બિનઔદ્યોગિક માળખામાં પણ થયા છે અને થાય છે, જેમાં કાર્યજૂથ, કાર્યભૂમિકા અને કાર્યસંગઠનના અભ્યાસો થયા છે. આવા અભ્યાસોને પણ ઔદ્યોગિક સમાજશાસ્ત્રમાં આવરી લેવાતા હોય છે. વિશાળ અર્થમાં ઔદ્યોગિક સમાજશાસ્ત્ર ઉત્પાદન વ્યવસ્થા સંબંધિત બધા જ સમાજશાસ્ત્રીય અભ્યાસોને આવરી લે છે અને પ્રણાલિકાગત રીતે જોતાં ઔદ્યોગિક અભ્યાસોનો સમાવેશ થાય છે. આધુનિક ઔદ્યોગિક વ્યવસ્થા એટલે મશીન ટેક્નોલોજીની મદદથી ભૌતિક સંપત્તિ અને સેવાઓની મોટા પાયા પરની ઉત્પાદન વ્યવસ્થા. આ ઉત્પાદન વ્યવસ્થામાં ઉત્પાદન માટે શક્તિના નિર્જીવ સ્રોતોનો ઉપયોગ થતો હોય છે. ઉદ્યોગ એ મશીન-યંત્ર અને શક્તિના નિર્જીવ સ્રોતો જેવા કે કોલસો, વરાળ, વિદ્યુત, વીજાણુ, પેટ્રોલ, ડીઝલ, ક્રુડ ઉપર આધારિત ઉત્પાદનની રીત છે. આ દૃષ્ટિએ ઔદ્યોગિક સમાજશાસ્ત્રના વિષયવસ્તુનું નિરૂપણ આ પ્રમાણે કરી શકાય :

### (1) કાર્યજૂથ, કાર્યભૂમિકા અને કારખાનાનો અભ્યાસ :
### (Study of Work Group, Work Role and Work Plant) :

**મિલર અને ફોર્મ** ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં કાર્યજૂથ, કાર્યભૂમિકા અને કારખાનાના સંગઠનના અભ્યાસોનો સમાવેશ કરે છે. આ પ્રકારના અભ્યાસો ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનું સમગ્ર કાર્યક્ષેત્ર આવરી લે છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

કામ અર્થાત્ કાર્ય (Work) એટલે ઉદ્યમ, અર્થઉપાર્જનની પ્રવૃત્તિ કે આજીવિકા માટે કરાતું કામ કે નોકરી. કામદાર કદી અલગતામાં કામ કરતો નથી. કામ એ સમૂહ પ્રવૃત્તિ છે. વ્યક્તિનું કામ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અન્ય વ્યક્તિના કામ સાથે સંલગ્ન હોય છે. કામ એ સામાજિક પ્રવૃત્તિ છે. દરેક વ્યક્તિને તેની કાર્યપ્રવૃત્તિથી સંતોષ મેળવવો હોય છે. કાર્યપ્રવૃત્તિથી જ તેની સામાજિક ઓળખ બને છે અને

Scanned with OKEN Scanner

સમાજમાં તેને સ્થાન મળે છે. સમાજમાં અને કારખાનામાં તેના સ્થાનનો આધાર કાર્યસફળતા કે નિષ્ફળતા ઉપર રહે છે. કામ એ સામાજિક અને આર્થિક પ્રવૃત્તિ છે. તે કૌશલ્યો, વલણો, ટેવો, દરજ્જો અને ભૂમિકાઓનું મિશ્ર સ્વરૂપ છે. કામ એ પોતે ધ્યેય છે છતાં તે કાર્યસ્થળ અને સમાજમાં તેનાં સામાજિક ધ્યેયો માટેનું સાધન છે.

કાર્યપ્રવૃત્તિઓમાં ભેગા મળેલા કામદારો વચ્ચે આંતરક્રિયા થાય છે અને આંતરક્રિયા દ્વારા **કાર્યજૂથ** રચાય છે. કાર્યજૂથને તેનાં સામાજિક ધોરણો હોય છે. વર્તનની સમાન રીતો હોય છે અને તેની અસર કામદારના કામ અને કાર્યદક્ષતા ઉપર પડે છે. કાર્યજૂથમાં વ્યક્તિ જે કામ કરે છે તે તેની **કાર્યભૂમિકા** છે. દરેક કામદારની ભૂમિકા વિશિષ્ટ હોય છે. ભૂમિકાઓની પારસ્પરિક અસરો થાય છે, તેમાંથી ભૂમિકા સંબંધો રખાય છે. તેમજ ભૂમિકાની અસર દરજ્જા ઉપર પડે છે. **વર્કપ્લાન્ટ** કે કારખાનામાં માનવ સંગઠન હોય છે. નાનાં નાનાં જૂથો મોઢામોઢના સંબંધોમાં કેટલાક કામદારો ભૂમિકા ભજવતા હોય છે. સમગ્ર વર્કપ્લાન્ટ ઔપચારિક કે દૂરવર્તી સંબંધોનું સંગઠન છે, પરંતુ તેમાં કેટલાંક પ્રાથમિક કે અનૌપચારિક જૂથો વિકસ્યાં હોય છે. વર્કપ્લાન્ટના ઔપચારિક અને અનૌપચારિક સંગઠનો વચ્ચે આંતરક્રિયા થાય છે. બંને પરસ્પરને અસર કરે છે. સમગ્ર વર્કપ્લાન્ટ સામાજિક સંબંધોની જટિલ વ્યવસ્થા બની રહે છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગમાં આવાં કાર્યજૂથ, કાર્યભૂમિકા અને ઉદ્યોગના સંગઠનનો અભ્યાસ કરે છે.

**(2) એક સામાજિક વ્યવસ્થા તરીકે ફેક્ટરીનો અભ્યાસ (Study of Factory as a Social System) :**

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ફેક્ટરીનો કે વર્કપ્લાન્ટનો અભ્યાસ એક સામાજિક વ્યવસ્થા તરીકે કરે છે. ફેક્ટરી એ માત્ર ઉત્પાદનની વ્યવસ્થા નથી પરંતુ તે એક સામાજિક વ્યવસ્થા છે. ફેક્ટરી જેવા ઉત્પાદક એકમ માટે **રાઈસ** સામાજિક-યાંત્રિક વ્યવસ્થા (Socio-technical system) પરિભાષા પ્રયોજે છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ફેક્ટરીને એક સામાજિક વ્યવસ્થા તરીકે ગણી તેની રચના અને કાર્યનો અભ્યાસ કરે છે. તેમાં તે ફેક્ટરીની સમાજ ઉપર અને સમાજની ફેક્ટરી ઉપર થતી અસરો પણ તપાસે છે. કાર્યજૂથો અને કાર્યસંબંધોના સમાજશાસ્ત્રીય અભ્યાસ માટેનો આ એક અભિગમ છે. આ પ્રકારના અભ્યાસો ઉદ્યોગલક્ષી સંગઠનોના સમાજશાસ્ત્રીય અભ્યાસો છે અને તે ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનું એક અગત્યનું પાસું છે. આમાં તે ઉદ્યોગલક્ષી એકમોને સામાજિક વ્યવસ્થા તરીકે ગણી તેની આંતરિક રચના, અને કાર્ય તેમજ સમાજ ઉપર તેની અસર અને સમાજની તેના ઉપર અસર તપાસે છે.

ફેક્ટરી એક સામાજિક વ્યવસ્થા તરીકે તેમાં કામ કરતી વ્યક્તિઓના હક્કો, ફરજો, સામાજિક સ્થાનો, દરજ્જા, ભૂમિકા, પરસ્પરનાં વર્તન તથા ફેક્ટરી બહારના

Scanned with OKEN Scanner

લોકો સાથેનાં વર્તન નક્કી થયેલાં હોય છે. આ માટેનાં ઔપચારિક તેમજ અનૌપચારિક **ધોરણો** હોય છે. કોઈપણ ઔદ્યોગિક એકમમાં અનેક વ્યક્તિઓ કામ કરતી હોય છે. દરેકને તેમની ભૂમિકા હોય છે. ઉત્પાદન પ્રક્રિયાની આસપાસ આ ભૂમિકાઓની ગોઠવણી થયેલી હોય છે. તેમજ તેની સાથે સંબંધિત દરજ્જાની ગોઠવણી થયેલી હોય છે. દરજ્જા-ભૂમિકા નિશ્ચિત ઢબમાં એકબીજા સાથે નિયમો દ્વારા સંકળાયેલ હોય છે. **દરજ્જા-ભૂમિકા**ની આ ગોઠવણીથી ફેક્ટરી એક સામાજિક વ્યવસ્થા બની રહે છે. ફેક્ટરીમાં કામ કરતી વ્યક્તિઓ વચ્ચે આંતરક્રિયા થતી રહે છે. તેઓ વચ્ચે **સહકાર, સંઘર્ષ અને સ્પર્ધાની આંતરક્રિયા** અસ્તિત્વ ધરાવતી હોય છે. કાર્યવિભાજનને લીધે વૈવિધ્ય હોવાની સાથે તેમાં એક પ્રકારની એકતા પણ હોય છે. વિભિન્ન કાર્યો વચ્ચેના **પરસ્પરાવલંબન** અને **સંકલન** દ્વારા **એકતા**નું નિર્માણ થતું હોય છે. ફેક્ટરીને તેનું આંતરિક સંગઠન હોય છે. આ સંગઠન ફેક્ટરીમાં કામ કરતી વ્યક્તિઓના દરજ્જા, ભૂમિકા, સ્થાનો અને તેના **કોટિક્રમ** દ્વારા વ્યક્ત થાય છે. ફેક્ટરીનું સંગઠન **ઔપચારિક** અને **અનૌપચારિક** સ્વરૂપનું હોય છે. ફેક્ટરીમાં નવા સભ્યોની ભરતી અને તેમને તાલીમ દ્વારા તથા **સમાજીકરણ દ્વારા** વ્યવસ્થાની જાળવણી થાય છે. અહીં બદલો અને **સજાની પદ્ધતિ** એટલે કે સામાજિક નિયંત્રણની પદ્ધતિ હોય છે. અહીં ફેક્ટરીના માણસો માટે **સલામતીની વ્યવસ્થા** હોય છે. સરકારી કાનૂનો દ્વારા અહીં વ્યક્તિઓની શારીરિક, આર્થિક અને સામાજિક **સલામતી તથા કલ્યાણ** માટે પગલાં લેવાય છે. ફેક્ટરીનાં બધાં અંગો પરસ્પર સંબંધિત હોય છે. આથી એક અંગમાં થતો ફેરફાર કે બનાવ બીજાં અંગો ઉપર પણ અસર ઉપજાવે છે. આથી ફેક્ટરી એક **સ્થિત્યાત્મક** અને **ગત્યાત્મક પ્રક્રિયા** બની રહે છે.

સંક્ષેપમાં કહીએ તો સામાજિક વ્યવસ્થા તરીકે ફેક્ટરીને તેનું **રચનાતંત્ર અને કાર્યો હોય છે.** દરજ્જા અને ભૂમિકાની ગોઠવણી દ્વારા રચાતો **સામાજિક કોટિક્રમ** હોય છે. ફેક્ટરીમાં વિભિન્ન ઉપજૂથો હોય છે અને આ ઉપજૂથો સભ્યોને તેમના નિશ્ચિત દરજ્જા-ભૂમિકા હોય છે, જે ધોરણો અને **મૂલ્યો** દ્વારા પરિભાષિત થયેલાં હોય છે. ફેક્ટરીના રચનાતંત્રની જાળવણી માટે નિયંત્રણની, ભરતીની અને નવા સભ્યોના સમાજીકરણની વ્યવસ્થા હોય છે. ફેક્ટરીના માણસોમાં તંગદિલી પેદા થાય છે ત્યારે તેના નિવારણનાં ક્રિયાતંત્રો પણ વિકસ્યાં હોય છે. ફેક્ટરી તેના આંતરિક અને બાહ્ય વાતાવરણ સાથે **અનુકૂલન સાધવાનાં ક્રિયાતંત્રો** પણ ધરાવે છે. દરેક ફેક્ટરીને તેનાં **ધ્યેયો** હોય છે અને આ ધ્યેયોની પ્રાપ્તિ માટે તે **આયોજન** કરીને ધ્યેયપ્રાપ્તિના પ્રયાસો કરે છે જે મુખ્યત્વે ઉત્પાદન અને વેચાણ તથા વિસ્તરણ સંબંધી હોય છે. ફેક્ટરીમાં સુગ્રથન કે ઐક્ય જાળવી રાખવા માટે તેના વિભિન્ન વિભાગો વચ્ચે **સુમેળ અને સંકલનનું વ્યવસ્થાતંત્ર** હોય છે. આમ, ફેક્ટરી કે ઉદ્યોગ

Scanned with OKEN Scanner

એ માત્ર ઉત્પાદનનું એક કેન્દ્ર નથી પણ પ્રક્રિયા સ્વરૂપની સામાજિક વ્યવસ્થા છે. ત્યાં માત્ર મશીનો જ કામ કરતાં નથી કે માત્ર શક્તિના નિર્જીવ સ્ત્રોતો દ્વારા ઉત્પાદન કાર્ય થતું નથી પરંતુ વ્યક્તિઓ-વ્યક્તિઓ વચ્ચે, વ્યક્તિઓ-જૂથો વચ્ચે, જૂથો-જૂથો વચ્ચે અવિરત આંતરક્રિયા થતી રહે છે. અહીં સહકાર, સંઘર્ષ, સ્પર્ધા, સમાયોજનની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. તે ચઢઉતરના ક્રમમાં સ્થાન ધરાવતી વ્યક્તિઓનું બનેલું સંગઠન છે. તેમાં વ્યક્તિઓ ચોક્કસ ભૂમિકા ભજવતા માણસોના અન્ય સામાજિક સંગઠનની જેમ સતત પ્રક્રિયા કરતું એક સામાજિક સંગઠન છે જે સામાજિક વ્યવસ્થા અને તેની રચના તથા કાર્યની બધી ખાસિયતો ધરાવે છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર આ દૃષ્ટિથી જ ઉદ્યોગ કે ફેક્ટરીનો એક સામાજિક વ્યવસ્થા તરીકે અભ્યાસ કરે છે.

**એન. આર. શેઠ** દ્વારા ભારતની એક ફેક્ટરીના સામાજિક માળખાનો અભ્યાસ થયેલો છે. **સુશીલ ચંદ્ર**એ એક વર્કપ્લાન્ટના સામાજિક સંગઠન અને રચનાતંત્રનો અભ્યાસ કર્યો છે. આ ઉપરાંત ઔદ્યોગિક સંગઠનોના સામાજિક સંદર્ભોને અનુલક્ષીને કેટલાક અભ્યાસો થયા છે.

### (3) ઔદ્યોગિક સંગઠનોનો અભ્યાસ (Study of Industrial Organization) :

ઔદ્યોગિક સંગઠનોનો અભ્યાસ ઔદ્યોગિક સમાજશાસ્ત્રનું મહત્ત્વનું વિષયવસ્તુ છે. આ પ્રકારના અભ્યાસમાં તે ફેક્ટરીનો એક સામાજિક વ્યવસ્થા તરીકે અભ્યાસ કરે છે. જેની સમજ અગાઉના મુદ્દામાં મેળવી ગયા. ઔદ્યોગિક સંગઠનમાં કામનાં કેટલાંક વિશિષ્ટ પાસાનાં અભ્યાસો અગત્યના મનાયા છે. આ જ અભ્યાસોમાં કામદારોની ઉત્પાદકતાના પ્રશ્નને કેન્દ્રમાં રાખીને કામદારોમાં શિસ્ત, પ્રેરણા, પ્રોત્સાહનો, કામ પ્રત્યે અને મૅનેજમેન્ટ પ્રત્યે કામદારોનાં વલણો, કામદારોના કામના સુપરવિઝન, કર્મચારી સંચાલન વગેરેને લગતા અભ્યાસો ઔદ્યોગિક સમાજશાસ્ત્રનું મહત્ત્વનું વિષયવસ્તુ છે.

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઔદ્યોગિક સંગઠનમાં અનૌપચારિક અને ઔપચારિક સંગઠનનું સ્વરૂપ તપાસે છે. આ બંને પ્રકારનાં સંગઠનો વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરવામાં આવે છે. નોકરશાહી માળખાના સંચાલનના હેતુ, કાર્ય અને તેના મહત્ત્વના અભ્યાસો ઉપરાંત મૅનેજમેન્ટની ભૂમિકાનો અભ્યાસ કરે છે.

### (4) ઉદ્યોગલક્ષી નોકરશાહીનો અભ્યાસ (Study of Industrial Bureaucracy) :

ઉદ્યોગલક્ષી નોકરશાહી સંગઠનોના બધા જ અભ્યાસો ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થાય છે. પરંતુ તેમાં ઉદ્યોગલક્ષી નોકરશાહીનો અભ્યાસ ઔદ્યોગિક સમાજશાસ્ત્રનું અગત્યનું વિષયવસ્તુ છે.

Scanned with OKEN Scanner

શ્નીડર નોંધે છે તેમ ઉદ્યોગલક્ષી માનવીની ક્રિયા ધ્યેયવિહીન હોતી નથી. ઉદ્યોગલક્ષી માનવી મોટે ભાગે સંગઠિત રીતે વિચારે છે અને અનુભવે છે. મોટા પાયા પરનો ઉદ્યોગ સામાજિક રીતે સંગઠિત થયેલો હોય છે. તેનું આ સ્વરૂપ સામાજિક સંગઠનના સ્વરૂપને મળતું આવે છે. જેને સમાજશાસ્ત્રીઓ નોકરશાહી તરીકે ઓળખાવે છે. ઉદ્યોગ ઉપરાંત ધર્મ, રાજ્ય, આર્મી, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં પણ નોકરશાહી જોવા મળે છે. ઔદ્યોગિક સંગઠન નોકરશાહી પ્રકારનું એક ભિન્ન સ્વરૂપનું સંગઠન છે. ઔદ્યોગિક સંગઠનમાં ઔપચારિક અને અનૌપચારિક એમ બે પ્રકારનાં સંગઠનો જોવા મળે છે. આમાં **ઉદ્યોગના ઔપચારિક સંગઠનમાં નોકરશાહી માળખું જોવા મળે છે,** જેને ઉદ્યોગલક્ષી નોકરશાહી તરીકે ઓળખવામાં આવે છે. આ અર્થમાં ઔદ્યોગિક નોકરશાહી એ ઉદ્યોગના ઔપચારિક સંગઠનનું એક સ્વરૂપ છે, જેમાં કામ કરતા કામદારોથી માંડીને સંચાલકો સુધીના તમામ માણસો કોટિક્રમિક વ્યવસ્થામાં ગોઠવાયેલા હોય છે. તેમાં કાર્ય અને સત્તાની બાબતમાં ઑફિસોની તાર્કિક ગોઠવણી એકબીજાના સંદર્ભમાં થયેલી હોય છે. તે ઉદ્યોગલક્ષી સંગઠનના ભાગરૂપ એકમોની બનેલી પિરામિડ સ્વરૂપની રચના છે. તે એકમ સંગઠનોની કોટિક્રમિક ગોઠવણી છે. તેમાં કામદારથી માંડીને પ્રેસિડન્ટ સુધીની તમામ વ્યક્તિઓના દરજ્જા, ભૂમિકા, સત્તા, પગાર કે બદલાના તફાવતો હોય છે. આથી મિલર અને ફોર્મ નોકરશાહીને "Society of Unequals" તરીકે ઓળખાવે છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર નોકરશાહીના સાર્વત્રિક લક્ષણો તપાસે છે તેમજ વિભિન્ન નોકરશાહીઓના તુલનાત્મક અભ્યાસો કરે છે. આ પ્રકારના અભ્યાસમાં તે નોકરશાહીની લાક્ષણિકતાઓ તેમજ તેનાં કાર્યો અને વિકાર્યોનો અભ્યાસ કરે છે.

### (5) કામદારોની ભરતી અને સ્થાયિત્વનો અભ્યાસ (Study of Recruitment and Commitment) :

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર કામદારોની ભરતી અને સ્થાયિત્વનો અભ્યાસ કરે છે. ઉત્પાદનમાં મૂડી જેટલું જ મહત્ત્વ કામદારોનું છે. ઉદ્યોગમાં કામદારોના સ્થાયિત્વ સાથે ઉત્પાદન અને ઉદ્યોગલક્ષી વિકાસ ગાઢ સંબંધ ધરાવે છે. આથી આ પ્રકારના અભ્યાસો ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનું મહત્ત્વનું વિષયવસ્તુ છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગમાં કામદારોની ભરતીની પદ્ધતિઓ, કામદારોની પસંદગીની રીતો તેમજ તેના મહત્ત્વ અને મર્યાદાનો અભ્યાસ કરે છે. કામદારોને તાલીમ આપવામાં આવે છે તેમજ સુપરવાઈઝર અને અન્ય કામદારોના સંપર્ક દ્વારા તેનું સામાજીકરણ થાય છે. આથી ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર કામદારોની ભરતીની સાથોસાથ-કાર્યસંસ્કૃતિમાં કામદારોના સમાજીકરણની પ્રક્રિયાનો અભ્યાસ કરે છે. એ જ રીતે ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર કામદારોના સ્થાયિત્વનો અભ્યાસ કરે છે. કામદારોના સ્થાયિત્વનો

Scanned with OKEN Scanner

અભ્યાસ એટલે ઉદ્યોગલક્ષી કાર્ય અને ઉદ્યોગલક્ષી જીવનશૈલી સાથે કામદારોના અનુકૂલનની પ્રક્રિયાનો અભ્યાસ. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગમાં કામદારોના સ્થાયિત્વનું સ્વરૂપ, માત્રા, તેનાં વિભિન્ન પાસાં, તેનાં સહાયક અને અવરોધક પરિબળો તથા પરિણામો તપાસે છે. કામદારોનું સ્થાયિત્વ ઉદ્યોગમાં કામદારોની ગેરહાજરી અને ફેરબદલી સાથે સંબંધ ધરાવે છે. આથી ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગમાં કામદારોની ગેરહાજરી તથા ફેરબદલી(એક ઉદ્યોગ છોડી બીજા ઉદ્યોગમાં નોકરી કરવા જવું)નાં કારણો અને પરિણામોનો અભ્યાસ કરે છે.

**(6) ઉદ્યોગીકરણ અને શહેરીકરણનો અભ્યાસ**
**(Study of Industrialization and Urbanization) :**

ઉદ્યોગીકરણ અને શહેરીકરણ સહગામી પ્રક્રિયાઓ છે. નગર સમાજશાસ્ત્ર આ પ્રક્રિયાઓના અભ્યાસ સાથે સંકળાયેલું છે અને ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગીકરણની પ્રક્રિયા, તેના સહાયક અને અવરોધક પરિબળો તથા સમાજજીવન પર પડતી અસરોના અભ્યાસમાં રસ ધરાવે છે. આ પ્રકારના અભ્યાસમાં તે નગર સમાજશાસ્ત્રનું ઋણી છે.

ઉદ્યોગ એ મશીન અને બળતણ શક્તિ ઉપર આધારિત ઉત્પાદનની રીત છે અને ઉદ્યોગીકરણ એ ઉત્પાદનની આ રીતના વિસ્તૃતીકરણની પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં ઉત્પાદન માટે શક્તિના સજીવ સ્રોતો (માણસ, પશુ)ના સ્થાને શક્તિના નિર્જીવ સ્ત્રોતો (કોલસો, વરાળ, પેટ્રોલ, વીજળી, વીજાણુ)નો વધુ ને વધુ ઉપયોગ થાય છે. પરિણામે વિભિન્ન પ્રકારના ઉદ્યોગોની સંખ્યા, કદ અને વ્યાપ-વિસ્તારમાં નિરંતર વૃદ્ધિ થતી રહે છે. ઉદ્યોગીકરણ ઉત્પાદક યંત્રવિજ્ઞાનમાં તેમજ સામાજિક સંબંધો અને મૂલ્યોમાં મૂળભૂત પરિવર્તનોને સૂચિત કરે છે. આથી ઉદ્યોગલક્ષી નગરોના અભ્યાસો તેમજ ઉદ્યોગીકરણના પરિણામે બિનઔદ્યોગિક સમુદાયોમાં આવતાં સામાજિક પરિવર્તનના અભ્યાસો ઔદ્યોગિક સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં મહત્ત્વનું વિષયવસ્તુ છે.

**શ્રીનિવાસે** નોંધ્યું છે તેમ ઉદ્યોગીકરણ એટલે મોટાં જટિલ યંત્રોનો ઉપયોગ એટલો જ એનો અર્થ થતો નથી, અને શહેરીકરણ એટલે માત્ર નાના વિસ્તારોમાં ગીચ વસ્તી હોય એટલું જ બસ નથી. એ બંનેમાં અમુક પ્રકારના સામાજિક-આર્થિક સંબંધો અને જીવનદૃષ્ટિ એવાં હોય છે કે જે પરંપરાગત સમાજવ્યવસ્થા સાથે સંઘર્ષમાં આવે છે.

ઘણાંખરાં શહેરોના ઉદ્ભવ-વિકાસનો ઇતિહાસ મોટા પાયા પરના ઉદ્યોગોના વિસ્તાર અને વૃદ્ધિ સાથે સંકળાયેલ છે. આથી ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગલક્ષી નગરોના સામાજિક - આર્થિક અભ્યાસો કરે છે. ભારતમાં જમશેદપુર, ચિત્તરંજન, રાંચી વગેરે ઔદ્યોગિક નગરોના અભ્યાસો થયા છે. આ અભ્યાસોમાં ઉદ્યોગીકરણ

Scanned with OKEN Scanner

અને શહેરીકરણનાં સામાજિક પરિણામો તપાસવામાં આવ્યાં છે. આ ક્ષેત્રના અભ્યાસમાં ભારતમાં ઉદ્યોગલક્ષી ઉત્ક્રાંતિ, ઉદ્યોગીકરણના પ્રભાવ હેઠળ મૂલ્ય પરિવર્તન, ઉદ્યોગોનાં સામાજિક પાસાં, ગ્રામીણ ઉદ્યોગીકરણ, શહેરીકરણની ઉદ્યોગલક્ષી કામદારો ઉપર અસર, ગ્રામીણ વિસ્તારોનું ઉદ્યોગીકરણ અને શહેરીકરણ, ઉદ્યોગીકરણનાં સામાજિક પરિણામો, ઉદ્યોગીકરણ અને શહેરીકરણની અસર નીચે ઉદ્ભવતી નવી સંસ્થાઓ, ઉદ્યોગીકરણ અને શહેરીકરણની કૃષિ, ગ્રામીણ જીવન, જ્ઞાતિ, કુટુંબ, લગ્ન, સ્ત્રીજીવન, આદિવાસી જીવન, પછાતવર્ગો, પરંપરાગત મૂલ્યો અને સંસ્થાઓ ઉપર થતી અસરો તેમજ ઉદ્યોગીકરણ અને શહેરીકરણે સર્જેલી સમસ્યાઓનો અભ્યાસ ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના વિષયવસ્તુના મહત્ત્વનાં પાસાં છે. ભારતમાં આવાં વિવિધ પાસાંના અભ્યાસો થયેલાં છે. સંક્ષેપમાં કહીએ તો આ પ્રકારના અભ્યાસમાં સમાજ અને ઉદ્યોગીકરણ વચ્ચેના સંબંધોનો અને નગરો તથા શહેરોના સામાજિક-આર્થિક અભ્યાસોનો સમાવેશ થાય છે.

### (7) કામદાર સંઘોનો અભ્યાસ (Study of Trade Unions) :

કામદારોના સંગઠનને કામદાર સંઘો કે મજૂર મંડળો તરીકે ઓળખવામાં આવે છે. કામદાર સંઘો આધુનિક ઉદ્યોગલક્ષી સમાજનું મહત્ત્વનું ઘટક તત્ત્વ છે. આથી ઉદ્યોગલક્ષી સંગઠનોના અભ્યાસોની જેમ કામદાર સંઘોના સમાજશાસ્ત્રીય અભ્યાસો મહત્ત્વના બની રહે છે. ભારતમાં મુખ્યત્વે પશ્ચિમી ઉદાર-લોકશાહી વિચારસરણીની અસર હેઠળ કામદાર સંઘોનો ઉદ્ભવ થયો અને દેશમાં રાષ્ટ્રીય ચળવળ દ્વારા તેનું સંવર્ધન થયું. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર કામદાર સંઘોના વિભિન્ન પાસાંનો અભ્યાસ કરે છે. કામદાર સંઘોનો ઉદ્ભવ-વિકાસ, કામદારોની સામાજિક પાર્શ્વભૂમિ, કામદાર સંઘોનું રચનાતંત્ર અને કાર્ય, કામદાર સંઘોમાં નેતૃત્વ, કામદાર ચળવળ વગેરેના અભ્યાસો ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનું મહત્ત્વનું વિષયવસ્તુ છે. આ ઉપરાંત સરકારની મજૂરનીતિ ઉપર કામદાર સંઘોની અસર, કામદાર મંડળો પ્રત્યે સંચાલકોનાં વલણો, કામદાર મંડળોની કામદારો ઉપર તેમજ ઉદ્યોગલક્ષી કાર્યદક્ષતા ઉપર અસર, કામદાર સંઘોની કામદારો પ્રત્યે તેમજ સમાજ પ્રત્યેની જવાબદારીના અભ્યાસો ઔદ્યોગિક સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં મહત્ત્વનું વિષયવસ્તુ છે.

ભારતમાં કામદાર સંઘોના ઉદ્ભવ-વિકાસને લગતા કેટલાક અભ્યાસો થયા છે. તેમાં દિલ્હી, સોલાપુર, કલકત્તા, અમદાવાદ, મુંબઈ વગેરે શહેરોમાં મજૂર મંડળોને લગતા થયેલા અભ્યાસો ઉલ્લેખનીય છે. **રાધાકમલ મુકરજીએ** ભારતીય કામદાર વર્ગનો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસમાં તેમણે ભારતીય કામદાર વર્ગની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ વર્ણવી છે તેમાં તેમણે કામદારોની ભરતી, નોકરીની શરતો, કરારી મજૂર, સ્ત્રી અને બાળમજૂરી વગેરે પાસાં વર્ણવ્યાં છે. રામચંદ્રને વેતન નિર્ધારણ સંસ્થા તરીકે કામદાર સંઘનાં અમુક પાસાંનો અભ્યાસ

Scanned with OKEN Scanner

કરેલો છે.

દિલ્હી, સોલાપુરના મજૂર મંડળોના અભ્યાસો, રેલવે અને બાંધકામ ઉદ્યોગમાં મજૂરમંડળોનો ઉદ્ભવ-વિકાસ તેમજ જોહરીએ કરેલો પ્રથમ ત્રણ પંચવર્ષીય યોજનાઓ દરમિયાન દેશના આર્થિક વિકાસમાં કામદાર સંઘોના ફાળાને લગતો અભ્યાસ ભારતમાં કામદાર સંઘોના વિકાસમાં ઉપયોગી સમાજશાસ્ત્રીય દૃષ્ટિ પૂરી પાડે છે.

ઉદ્યોગલક્ષી કામદાર સંઘો ઉપરાંત ભારતમાં બૅંક, વેપાર-વાણિજ્ય, સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ, એલ.આઈ.સી. પોસ્ટ ઍન્ડ ટેલિગ્રાફ વગેરે ક્ષેત્રોના કર્મચારીઓ અને અધિકારીઓના સંગઠનો રચાયાં છે. કામદાર સંઘોના ઉદ્ભવ-વિકાસના કારણો અને અવરોધક પરિબળોને લગતા અભ્યાસ ઉપરાંત કામદાર સંઘો અને રાજકારણ વચ્ચેના સંબંધોને લગતા અભ્યાસો થયા છે. કામદાર સંઘો ઉપર રાજકીય પક્ષોના વર્ચસ્વ અંગેના અભ્યાસોમાં ક્રોચ, રામન અને રામાસ્વામિના અભ્યાસો ઉલ્લેખનીય છે. ક્રોચે કામદાર સંઘોને રાજકીય પક્ષોની તાબેદારી તરફ દોરી જતાં સામાજિક, આર્થિક અને રાજકીય પરિબળો તપાસ્યાં છે.

જેમ ફેક્ટરી એક સામાજિક વ્યવસ્થા છે તેમ કામદાર સંઘ પણ એક સામાજિક વ્યવસ્થા છે. આથી ઔદ્યોગિક સમાજશાસ્ત્ર માટે કામદાર સંઘના આંતરિક રચનાતંત્રનો અભ્યાસ અગત્યનો વિષય છે. રાવે ભારતીય કામદાર સંઘોના રચનાતંત્રનો અભ્યાસ કર્યો છે. તેમાં તેમણે વિવિધ કામદાર સંઘોનાં રચનાતંત્રો તપાસ્યાં છે. કામદાર સંઘોના રચનાતંત્રના અભ્યાસોમાં કામદાર સંઘોની નેતાગીરીના અભ્યાસો વધુ મહત્ત્વના છે. માથુર, પુનેકર અને માધુરી તથા એન.આર. શેઠ અને જૈન દ્વારા થયેલા આવા અભ્યાસો ઉલ્લેખનીય છે. માથુર અને પુનેકર તથા માધુરીએ કામદાર સંઘના નેતાઓના સામાજિક, આર્થિક અને રાજકીય પાસાં તપાસ્યાં છે, જ્યારે શેઠ અને જૈને કામદારોને નેતૃત્વની ભૂમિકાઓ તરફ દોરી જતાં પરિબળો તપાસ્યાં છે. વિભિન્ન પ્રકારના કામદાર સંઘોમાં બધાં સ્તરે નેતૃત્વના અભ્યાસોની આવશ્યકતા હોવાનું **એન.આર. શેઠે** નોંધ્યું છે.

કામદાર સંઘોના રચનાતંત્ર અને નેતૃત્વના અભ્યાસો ઉપરાંત કામદાર સંઘોની ચળવળને લગતા અભ્યાસો ઔદ્યોગિક સમાજશાસ્ત્રનું મહત્ત્વનું વિષયવસ્તુ છે. આ અંગે થયેલા અભ્યાસોમાં 'ભારતમાં કામદાર સંઘની ચળવળ' (માથુર અને માથુર) તેમજ 'ભારતીય કામદાર વર્ગની ચળવળ' (માથુર) ઉલ્લેખનીય છે.

ભારતના કામદાર સંગઠનો ઉપરાંત આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (International Labour Organization)નો અભ્યાસ પણ ઔદ્યોગિક સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ છે. ઔદ્યોગિક શાંતિના હેતુથી 1919માં આંતરરાષ્ટ્રીય મજૂર સંઘની સ્થાપના થઈ છે. તેમાં વિશ્વના ઘણા દેશો સભ્ય છે. ભારત 1919થી જ આ

Scanned with OKEN Scanner

સંગઠનનું સભ્યપદ ધરાવે છે. ભારતમાં મજૂરો અંગેની નીતિ તથા મજૂરોની પરિસ્થિતિ ઉપર આ સંગઠનના નિર્ણયોની અસર પડે છે. આથી આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનનો અભ્યાસ ઔદ્યોગિક સમાજશાસ્ત્રના વિષયવસ્તુનો ભાગ બની રહે છે.

**(8) ઉદ્યોગલક્ષી સંબંધોનો અભ્યાસ (Study of Industrial Relations) :**

ઉદ્યોગલક્ષી સંબંધો એટલે ઉદ્યોગના સંચાલકો અને કામદારો વચ્ચેના સંબંધો. આ સંબંધો સહકારપૂર્ણ હોય ત્યાં સુધી ઉદ્યોગલક્ષી શાંતિ જળવાઈ રહે છે, પરંતુ જ્યારે આ સંબંધો સંઘર્ષમાં પરિણમે છે ત્યારે ઉદ્યોગલક્ષી અશાંતિ પેદા થાય છે, જે કામદાર, ઉદ્યોગ તેમજ દેશના આર્થિક વિકાસ તેમજ કેટલીકવાર કાયદો અને વ્યવસ્થા ઉપર વિપરીત અસર ઉપજાવે છે.

ઉદ્યોગમાં સંચાલકો અને કામદારો વચ્ચેના સંબંધોનું નિયમન સરકારી કાયદા દ્વારા તેમજ સંચાલકો અને કામદારોએ પરસ્પર સ્વીકારેલાં બંધનો દ્વારા થાય છે. ઔદ્યોગિક લોકશાહીની સ્થાપના અને તેની જાળવણીમાં ઔદ્યોગિક સંબંધો મહત્ત્વનો ભાગ ભજવે છે. ઉદ્યોગના સંચાલકોનાં હિતો અને કામદારોનાં હિતો પરસ્પરથી વિરુદ્ધનાં હોય છે. સંચાલકો વધુ ને વધુ ઉત્પાદન અને તે દ્વારા વધુ ને વધુ નફો મેળવવા પ્રયત્ન કરે છે, જેમાં કામદારોનું શોષણ થતું હોય છે. કામદારોની કાર્યપરિસ્થિતિ, વેતન, સુવિધાઓ વગેરે કામદારોને અસંતોષકારક લાગે છે ત્યારે તેઓ સંચાલકો સમક્ષ પોતાની માગણીઓ મૂકે છે. આથી સંચાલકો અને કામદારોનાં હિતો વચ્ચે સંઘર્ષ થાય છે. સરકાર મજૂરોનાં હિતોને રક્ષણ આપવાની અને તેમના કલ્યાણની નીતિ અપનાવતી હોય છે. આમ છતાં, પ્રસંગોપાત કામદારો અને સંચાલકો વચ્ચેનો સંઘર્ષ ઔદ્યોગિક અશાંતિમાં પરિણમે છે અર્થાત્ ઔદ્યોગિક ઝઘડામાં પરિણમે છે. સામાન્ય રીતે કામદારોની માગણી મુખ્યત્વે વેતન, મોંઘવારી, ભથ્થા, બોનસ, રજા, કાર્યપરિસ્થિતિ વગેરે સ્વરૂપની કોઈ ને કોઈ માગણીથી શરૂ થાય છે અને લાંબા સમય સુધી સંચાલકો તરફથી આ માંગણીઓ પ્રત્યે ઉદાસીનતા સેવવામાં આવે કે આ માંગણીઓ વાજબી રીતે સંતોષાય નહીં ત્યારે કામદાર સંઘો ધીમે કામ કરો, નિયમ મુજબ કામ કરો, વિરોધ રેલી અને છેવટે હડતાળ સ્વરૂપે કામદારોનો અસંતોષ પ્રગટ થાય છે તો કેટલીક વાર સંચાલકો તરફથી તાળાબંધીનો માર્ગ અપનાવવામાં આવતો હોય છે. આમ, ઔદ્યોગિક સંબંધોમાં સંઘર્ષની આંતરક્રિયા થાય છે, જેને ઔદ્યોગિક ઝઘડો (dispute) કહેવામાં આવે છે.

ઔદ્યોગિક સમાજશાસ્ત્ર ઔદ્યોગિક સંબંધોના ઉદ્ભવ-વિકાસની પ્રક્રિયા તપાસે છે. તે ઔદ્યોગિક ઝઘડાનાં કારણો અને પરિણામોનો અભ્યાસ કરે છે તેમજ ઔદ્યોગિક ઝઘડાના ક્રિયાતંત્રોનો અભ્યાસ કરે છે. આ ક્રિયાતંત્રોમાં મુખ્યત્વે

Scanned with OKEN Scanner

સંચાલકો અને કામદાર સંઘો એ બે પક્ષ વચ્ચેની વાટાઘાટો, સમાધાન, સામૂહિક સોદાગીરી, લવાદ અને કાનૂની જગવાઈઓનો સમાવેશ થાય છે. ઔદ્યોગિક સમાજશાસ્ત્ર ઔદ્યોગિક ઝઘડાનાં આવાં ક્રિયાતંત્રોના અભ્યાસમાં સરકારની મજૂરનીતિના અભ્યાસને પણ આવરી લે છે. સંક્ષેપમાં કહીએ તો સરકારના કાનૂની માળખામાં સંચાલિત માલિક-મજૂર સંબંધોને આવરી લેતાં ઔદ્યોગિક સંબંધોનો અભ્યાસ ઔદ્યોગિક સમાજશાસ્ત્રનું મહત્ત્વનું વિષયવસ્તુ છે.

**(9) કામદાર કલ્યાણનો અભ્યાસ (Study of Labour Welfare) :**

ઉદ્યોગોમાં કામ કરતા કામદારોની ભૌતિક અને સામાજિક સુખાકારીમાં વૃદ્ધિ થતી હોય તેવાં પગલાંને કામદાર કલ્યાણ કહેવાય. ભૌતિક અને સામાજિક સુખાકારીનાં પગલાંમાં આરોગ્ય, આરામ, ખોરાક, તબીબી, વ્યાવસાયિક આરોગ્ય, ઘોડિયાઘર, કુટુંબકલ્યાણ, રહેઠાણ, મનોરંજન અને સાંસ્કૃતિક સુવિધા, શૈક્ષણિક સુવિધા, સલામતી, સહકારી પ્રવૃત્તિ, બચત સુવિધા, ધિરાણ સુવિધા, આર્થિક રાહત કે વળતર, વીમાની સુવિધા વગેરેનો સમાવેશ થાય છે. સંક્ષેપમાં કામદાર કલ્યાણમાં કામદારોની સર્વાંગી સુખાકારીનાં પગલાંનો સમાવેશ થાય છે. ઔદ્યોગિક સમાજશાસ્ત્ર કામદાર કલ્યાણ માટે માલિકો દ્વારા, કામદાર સંઘો દ્વારા, સરકાર દ્વારા અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા લેવાતાં વિવિધ પગલાંનો અભ્યાસ કરે છે. તે કામદાર કલ્યાણના ઉદ્ભવ-વિકાસની પ્રક્રિયાનો અભ્યાસ કરે છે. આ ઉપરાંત તેમાં કામદાર કલ્યાણ માટે લેવાયેલાં પગલાંથી કામદારોના જીવનમાં આવેલાં ગુણાત્મક પરિવર્તનોનો અભ્યાસ કરે છે.

**(10) ઉદ્યોગ અને સમાજનો અભ્યાસ**

**(Study of Industry and Society) :**

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગ અને સમાજ વચ્ચેનાં સંબંધોનો અભ્યાસ કરે છે. ઉદ્યોગ એક સામાજિક ઘટના તરીકે બીજાં બધાં સંગઠનો અને સંસ્થાઓથી ભિન્ન છે. ઉદ્યોગને પોતાનું આગવું રચનાતંત્ર છે, તેને પોતાની આગવી કાર્યાત્મક સમસ્યાઓ છે. આમ છતાં, ઉદ્યોગ સામાજિક અલગતામાં અસ્તિત્વ ધરાવતો નથી, પરંતુ સમાજ અને સમુદાયના સામાજિક-સાંસ્કૃતિક માળખામાં અસ્તિત્વ ધરાવે છે. આથી ઉદ્યોગ અને સમુદાય તથા સમાજ અવિરતપણે એકબીજાને અસર કરે છે.

સમાજ અને ઉદ્યોગ વચ્ચે સમગ્ર અને ભાગ વચ્ચેના સંબંધ જેવો સંબંધ છે. આથી સમગ્રની તેના ભાગ ઉપર અને ભાગની સમગ્ર ઉપર અસર થાય છે. આથી ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર માટે ઉદ્યોગ અને સમાજ વચ્ચેના સંબંધોનો અભ્યાસ મહત્ત્વનું વિષયવસ્તુ છે. કામદારોની સામાજિક-સાંસ્કૃતિક પાર્શ્વભૂમિરૂપ કુટુંબ, લગ્ન, જ્ઞાતિ, ધર્મ, શિક્ષણ, રાજ્ય, ગ્રામીણ જીવન કે શહેરી જીવન ઉદ્યોગના રચનાતંત્ર ઉપર અસર ઉપજાવે છે. ઉદ્યોગમાં વિકસતાં અનૌપચારિક જૂથો

Scanned with OKEN Scanner

કામદારોની પાર્શ્વભૂમિ ઉપર રચાયેલાં છે અને તે ઉદ્યોગના ઔપચારિક સંગઠન ઉપર અસર કરે છે. બીજી બાજુ ઉદ્યોગ સાથે સંબંધિત કાર્યસંસ્કૃતિ, વ્યક્તિવાદ, ગતિશીલતા, પ્રાપ્ત દરજ્જો, કરારી સંબંધો, બિનસાંપ્રદાયિકતા જેવાં નવાં મૂલ્યોના પ્રભાવ હેઠળ વિસકતી ઉદ્યોગલક્ષી જીવનશૈલી કુટુંબ, જ્ઞાતિ, વર્ગરચના, ધર્મ, શિક્ષણ, રાજ્ય ઉપર અસર ઉપજાવે છે. આમ, ઉદ્યોગ અને સમાજ વચ્ચે કાર્યાત્મક સંબંધ રહેલો છે. ઉદ્યોગોની સંખ્યા, કદ અને વ્યાપ વિસ્તાર વધવાની સાથે એટલે કે ઉદ્યોગીકરણ વધવાની સાથે તેની અસરો પણ સર્વવ્યાપી અને સર્વાંગી બનતી જાય છે. પરિણામે સમાજ કૃષિ સમાજમાંથી ઔદ્યોગિક સમાજમાં રૂપાંતર પામવા લાગે છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર આ સમગ્ર પ્રક્રિયાનો અભ્યાસ કરે છે.

## 4. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ

આધુનિક ઉદ્યોગલક્ષી સમાજમાં જેમ જેમ ઉદ્યોગીકરણ વધતું જાય છે અને ખાસ કરીને મોટા પાયાના જટિલ સંબંધોવાળાં ઉદ્યોગલક્ષી સંગઠનો વિકસતાં જાય છે તેમ તેમ ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનું મહત્ત્વ વધતું જાય છે. સૌપ્રથમ અમેરિકાના હોથોર્ન પ્લાન્ટમાં ઉત્પાદનની સમસ્યાના ઉકેલ માટે હાથ ધરાયેલા પ્રયોગોથી ઉદ્યોગોમાં માનવ સંબંધોનું મહત્ત્વ સ્થાપિત થયું. આથી સામાજિક વિજ્ઞાનો ફેક્ટરીમાં વિકસતાં કાર્યજૂથો વચ્ચેના સંબંધોની તેમજ ફેક્ટરીમાં વિકસતી સામાજિક વ્યવસ્થાની વ્યક્તિત્વ ઉપર પડતી અસરોના અભ્યાસ તરફ વળવા લાગ્યાં. પરંતુ સમાજશાસ્ત્રીઓ હજુ આવા અભ્યાસ તરફ દુર્લક્ષ સેવતા હતા. 1936માં અમેરિકન સોશિયોલોજિકલ સોસાયટીમાં પ્રમુખપદેથી વક્તવ્ય આપતાં **ફેરચાઈલ્ડે** કહ્યું કે બિઝનેસ એ મૂળભૂત રીતે સમાજશાસ્ત્રીય વાસ્તવિકતા છે અને સમાજશાસ્ત્રીઓએ સમાજશાસ્ત્રીય પદ્ધતિશાસ્ત્રની મદદથી આ સમાજશાસ્ત્રીય વાસ્તવિકતાનું સ્પષ્ટીકરણ કરવું જોઈએ. ફેરચાઈલ્ડના આ વિચારની અસર નીચે સમાજશાસ્ત્રીયઓમાં ઉદ્યોગ અને ઉદ્યોગલક્ષી સમસ્યાઓના અભ્યાસમાં રસ જાગૃત થયો. ઉદ્યોગલક્ષી સંબંધો અંગેના સંશોધનોમાં સમાજશાસ્ત્રીય ખ્યાલો અને પદ્ધતિઓનો ઉપયોગ થવા લાગ્યો. કેટલાક સમાજશાસ્ત્રીઓ ઉદ્યોગલક્ષી અને મજૂર પ્રશ્નોના અભ્યાસો તરફ વળ્યા. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર પરનાં પાઠ્યપુસ્તકોનું સર્જન થયું. તેમાં **મિલર અને ફોર્મનું** 'ઈન્ડસ્ટ્રિયલ સોશિયોલોજી' અને **વિલ્બર્ટ ઈ. મૂરેનું** 'ઈન્ડસ્ટ્રિયલ રીલેશન્સ ઍન્ડ ધ સોશિયલ ઓર્ડર' અને **યુજિન વી. શ્નીડરનું** 'ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર' ઉલ્લેખનીય છે. ઉદ્યોગોમાં સંચાલકોને તાલીમ આપવામાં સમાજવિજ્ઞાનીઓના ઉદ્યોગ વિશેના અભ્યાસોનો ઉપયોગ થવા લાગ્યો. યુનિવર્સિટીમાં ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર એક વિષય તરીકે દાખલ થયો. વિભિન્ન દેશોમાં ખાસ કરીને વિકસિત અને વિકસતા દેશોની યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રને એક વિષય તરીકે સ્થાન મળ્યું. વિશાળ કદના ઉદ્યોગલક્ષી એકમોમાં સામાજિક

Scanned with OKEN Scanner

સંશોધનનાં કેન્દ્રો સ્થપાયાં. સરકાર પણ ઉદ્યોગલક્ષી સંબંધોને લગતા પ્રશ્નોનો અભ્યાસ કરવાનું કામ સમાજશાસ્ત્રીઓને સોંપવા લાગી. આમ ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રને ઉદ્યોગ, સરકાર અને યુનિવર્સિટીમાં સામાજિક સ્વીકૃતિ મળી. આ સ્વીકૃતિમાં ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના મહત્ત્વ અને ઉપયોગિતાનું પ્રતિબિંબ પડે છે. અહીં આપણે ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના મહત્ત્વનો પરિચય મેળવીશું.

**(1) ઉદ્યોગલક્ષી સંગઠનની સમજ મેળવવામાં ઉપયોગી :**

ઉદ્યોગોનો ઉદ્‌ભવ તો ઘણો વહેલો થયો છે પરંતુ ઉદ્યોગને એક અભ્યાસક્ષેત્ર તરીકે લઈને તેનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવાનું ઘણું પાછળથી શરૂ થયું. આજના યુગમાં ઉદ્યોગ એક જટિલ એવી સામાજિક સંગઠનની રચના છે. તેની સમજણ મેળવવાના પ્રયાસોમાંથી ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ થયો છે. આથી ઉદ્યોગના જટિલ સામાજિક સંગઠનની રચનાની સમજ પૂરી પાડવામાં ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉપયોગી છે. **શ્નીડર** આવી સમજ પૂરી પાડવાના કાર્યને ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રની પ્રથમ ઉપયોગિતા તરીકે ગણાવે છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગપ્રધાન સમાજના જટિલ સંબંધોને સમજવામાં મદદકર્તા બને છે. ઉદ્યોગીકરણને લીધે પલટાયેલા સામાજિક સંબંધો અને સામાજિક પરિવર્તનના સ્વરૂપનો ખ્યાલ આપણને ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રમાંથી મળે છે.

**(2) વ્યવહારુ ઉપયોગિતા :**

ઉદ્યોગક્ષેત્રે ઊભા થતા પ્રશ્નોનો ઉકેલ મેળવવામાં ઉદ્યોગલક્ષીસમાજશાસ્ત્રની વ્યવહારુ ઉપયોગિતા રહેલી છે. કામદારોની ઉત્પાદકતા, કામદારોનું સ્થાયિત્વ, કામદારોની ગેરહાજરી અને ફેરબદલીના પ્રશ્નોનો ઉકેલ મેળવવામાં ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉપયોગી બને છે. કારણ કે ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર આવી સમસ્યાઓનાં કારણો તપાસે છે. આથી આવાં કારણો દૂર થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાથી આ સમસ્યાઓને નિયંત્રિત કરી શકાય છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર કામદાર-મેનેજમેન્ટ વચ્ચેના સંબંધોનો, ઉદ્યોગલક્ષી અશાંતિનો તેમજ કામદારોની સમસ્યાઓનો અને મજૂર કલ્યાણનો અભ્યાસ કરે છે. આવા અભ્યાસોનાં તારણોનો વ્યવહારમાં ઉપયોગ કરવાથી કામદાર-મેનેજમેન્ટ સંબંધો સુધારી શકાય છે. ઉદ્યોગલક્ષી શાંતિ સ્થાપી શકાય છે, કામદારોની સમસ્યાઓને નિયંત્રિત કરવામાં અને મજૂર કલ્યાણનાં પગલાંને અસરકારક બનાવવામાં ઉપયોગી બને છે. આમ, ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રની વ્યવહારુ ઉપયોગિતા રહેલી છે.

**(3) ઉદ્યોગીકરણે સર્જેલી સમસ્યાઓને નિયંત્રિત કરવામાં ઉપયોગી :**

ઉદ્યોગીકરણ અને યાંત્રિકકરણે માનવ સમાજ માટે અનેકવિધ સાધનસામગ્રી અને સગવડોનું સર્જન કર્યું છે. તેનાથી માનવ સુખાકારીમાં વૃદ્ધિ પણ થઈ છે, તો

Scanned with OKEN Scanner

બીજી બાજુ તેનાથી અનેક સમસ્યાઓ પણ પેદા થઈ છે. તેનાથી માનવીનું જીવન યંત્રવત્ અને એકવિધતાપૂર્ણ બન્યું છે, માનસિક થાકના પ્રશ્નો પેદા થયા છે, શહેરોમાં વસ્તીની ગીચતા વધી છે અને ગંદા વસવાટો વધતા જાય છે. આ અને આવી અનેકવિધ સમસ્યાઓને સમજવામાં અને તેને નિયંત્રિત કરવામાં ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનું જ્ઞાન ઉપયોગી બને છે.

### (4) ઉદ્યોગલક્ષી લોકશાહીના વિકાસમાં ઉપયોગી :

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગમાં માનવસંબંધોના મહત્ત્વ અંગેની સમજ પૂરી પાડે છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઉદ્યોગમાં કામદારના કામને માત્ર આર્થિક પ્રવૃત્તિ ગણતું નથી પરંતુ તે સામાજિક પ્રવૃત્તિ છે અને તેમાં કામદારોના સંતોષનું મહત્ત્વ રહેલું છે તેવી સમજ પૂરી પાડે છે. આવી સમજ ઉદ્યોગલક્ષી લોકશાહીના વિકાસમાં ઉપયોગી બને છે. ઉદ્યોગલક્ષી લોકશાહીના ખ્યાલમાં કામદારને માનવી તરીકે સ્વીકારવામાં આવ્યો છે અને ઉદ્યોગના સંચાલનમાં કામદારોની ભાગીદારી ઉપર ભાર મૂકાય છે. જે ઉદ્યોગમાં કામદાર કામ કરે છે તે ઉદ્યોગ વિશેની માહિતી મેળવવાના કામદારના અધિકારના સ્વીકાર, સંચાલકો દ્વારા લેવાતા નિર્ણયોમાં કામદારો સાથે મસલત અને કામદારોની સલાહ, નિર્ણય પ્રક્રિયામાં કામદારોની ભાગીદારી ઉપર ભાર મૂકવામાં આવે છે. ઔદ્યોગિક ઝઘડાનો ઉકેલ લાવવામાં કામદારો સાથે મસલત, વાટાઘાટો અને કામદાર-મૅનેજમેન્ટના સંયુક્ત નિર્ણયમાં ઉદ્યોગલક્ષી લોકશાહીનું અમુક અંશે પ્રતિબિંબ પડે છે. કાર્યપરિસ્થિતિ, ઉત્પાદનનું પ્રમાણ, આરામનો સમય, ઉત્પાદનની પદ્ધતિ વગેરેમાં પણ કામદારોના સહભાગીપણા ઉપર ભાર મૂકાય છે. આમ ઔદ્યોગિક સંગઠનમાં માનવસંબંધોના મહત્ત્વ અને કામદારોના કામને સામાજિક સ્વરૂપે જોવા અંગેની ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રની દૃષ્ટિ ઉદ્યોગલક્ષી લોકશાહીના વિકાસમાં ફાળો આપે છે.

### (5) ઉદ્યોગ વિશે માહિતી પૂરી પાડવામાં ઉપયોગી :

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર વિભિન્ન પ્રકારના ઉદ્યોગોનો અભ્યાસ કરે છે. તેમાં તે કામદારો, કર્મચારીઓ, સંચાલકો, માલિકો વગેરેની સામાજિક પાર્શ્વભૂમિ તપાસે છે. આવા અભ્યાસો પરંપરાગત માળખું અને ઉદ્યોગલક્ષી માળખું વચ્ચેનો સંબંધ સમજવામાં તેમજ પરંપરાગત જીવનરીતિનું ઉદ્યોગલક્ષી જીવનરીતિમાં રૂપાંતર થવાની પ્રક્રિયા સમજવામાં ઉપયોગી બને છે.

ઉદ્યોગોમાં કામ કરતાં કામદારોના અભ્યાસો અને વિવિધ ઉદ્યોગોની સંખ્યાત્મક માહિતી ઉદ્યોગીકરણના વ્યાપ-વિસ્તારોને સમજવામાં ઉપયોગી બને છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના આવા અભ્યાસોથી સ્ત્રીઓના વ્યવસાય પ્રવેશ અને સ્ત્રીજીવન ઉપર તેની અસર જાણી શકાય છે. ઔદ્યોગિક સમાજશાસ્ત્રના વિભિન્ન અભ્યાસો પરથી ઉદ્યોગોમાં માનવજૂથોનું સ્વરૂપ, કામદારોના વ્યક્તિત્વ ઉપર

Scanned with OKEN Scanner

ઔદ્યોગિક સંસ્કૃતિની અસર, ઉદ્યોગોમાં વિભિન્ન સ્તરજૂથો અને તેમની વચ્ચેના સામાજિક-આર્થિક તફાવતો, ઉદ્યોગના સાતત્ય, વિસ્તૃતીકરણ અને વૃદ્ધિ તથા પરિવર્તનની પ્રક્રિયા વિશેની માહિતી ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના અભ્યાસો પરથી મળે છે. આવી માહિતી ઉદ્યોગલક્ષી સમાજ અને તેમાં થતા ફેરફારોને સમજવામાં ઉપયોગી બને છે.

**(6) ઉદ્યોગલક્ષી અને મજૂરનીતિ ઘડવામાં ઉપયોગી :**

ઉદ્યોગોનું નિયમન અને નિયંત્રણ સરકારી કાયદા દ્વારા થાય છે, એ જ રીતે મજૂર-માલિક સંબંધોનું નિયમન અને નિયંત્રણ સરકારી કાયદા દ્વારા થાય છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર ઔદ્યોગિક સંગઠન અને ઔદ્યોગિક સંબંધોનો અભ્યાસ કરે છે. કામદારોની કાર્યપરિસ્થિતિ, ઉદ્યોગોના પ્રશ્નો, સંચાલકીય પ્રશ્નો, મજૂર મંડળો અને તેના પ્રશ્નો વગેરેનો અભ્યાસ ઔદ્યોગિક સમાજશાસ્ત્ર કરે છે. ઔદ્યોગિક સંગઠન અને ઔદ્યોગિક સંબંધોનાં વિભિન્ન પાસાંના અભ્યાસોનાં તારણો ઔદ્યોગિક નીતિ અને મજૂર નીતિ ઘડવામાં ઉપયોગી બને છે. ઉદ્યોગલક્ષી સમાજમાં ઉદ્યોગલક્ષીસમાજશાસ્ત્રનું જ્ઞાન આવશ્યક બન્યું છે. ઉદ્યોગલક્ષી સંગઠનો અને ઉદ્યોગલક્ષી સંબંધો તથા કામદારોની કાર્ય પરિસ્થિતિ અંગેના વૈજ્ઞાનિક જ્ઞાન વિના ઉદ્યોગલક્ષી અને મજૂરનીતિ તેના વાજબી સ્વરૂપમાં ઘડી શકાય નહીં, આવું આવશ્યક જ્ઞાન ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર પૂરું પાડે છે. એટલું જ નહીં પરંતુ આ નીતિનો અસરકારક અમલ કરવામાં ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રનું જ્ઞાન ઉપયોગી બને છે.

**(7) સ્તરરચનાને સમજવામાં ઉપયોગી :**

સામાજિક સ્તરરચના એ સામાજિક અસમાનતાની સંસ્થીકૃત વ્યવસ્થા છે. ભારતમાં ઉદ્યોગીકરણની અસર નીચે જન્મદત્ત દરજ્જા આધારિત જ્ઞાતિસંસ્થામાં વર્ગવ્યવસ્થાનાં તત્ત્વો વિકસવા લાગ્યાં છે. કૃષિ અર્થવ્યવસ્થામાંથી ઉદ્યોગલક્ષી અર્થવ્યવસ્થાના રૂપાંતરની પ્રક્રિયામાં સ્તરરચનાનું સ્વરૂપ પણ બદલાય છે. ઉદ્યોગધંધામાં વ્યક્તિની ભરતી શિક્ષણ, તાલીમ, કૌશલ્યોના આધારે થાય છે અને તે પ્રાપ્ત દરજ્જા ઉપર આધારિત છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના અભ્યાસો સમાજમાં વિકસતા વર્ચસ્વી વર્ગોના વિકાસ ઉપર વેધક પ્રકાશ પાડે છે. સામ્યવાદી સમાજોમાં સ્તરીકરણનું એકંદર સ્વરૂપ પશ્ચિમના લોકશાહી સમાજો જેવું છે. આથી અમેરિકાના સમાજશાસ્ત્રીઓ એવી દલીલ કરે છે કે બધાં ઉદ્યોગલક્ષી સમાજોમાં-પછી એ સમાજો મૂડીવાદી હોય કે સામ્યવાદી હોય કે સમાજવાદી હોય કે લોકશાહી સમાજ હોય - સામાજિક સ્તરીકરણનું સ્વરૂપ સમાન બનતું જાય છે. સ્તરીકરણના સ્વરૂપમાં વધતી જતી સમાનતાને આ મત કેન્દ્રાનુગામી સિદ્ધાંત (Convergence theory) તરીકે ઓળખાય છે. આ સિદ્ધાંત અનુસાર આધુનિક

Scanned with OKEN Scanner

ઉદ્યોગલક્ષી અર્થવ્યવસ્થાઓ આવશ્યક રીતે જ સામાજિક સ્તરીકરણની સમાન વ્યવસ્થાઓ પેદા કરશે. કારણ કે આધુનિક ઉદ્યોગ માટે ખાસ પ્રકારના કામદારોની જરૂર પડે છે. એટલે કે સમાન પ્રકારનાં ટેક્નિકલ કૌશલ્યો અને શૈક્ષણિક લાયકાત ધરાવતી વ્યક્તિઓની જરૂર પડે છે. પૂર્વ અને પશ્ચિમના ઉદ્યોગોની કામ માટે આવશ્યક માણસોની જરૂરિયાત સરખી છે. આથી કામના બદલા કે પગાર વગેરે પણ સમાન રહેવા પામશે. પરિણામે મૂડીવાદી અને સામ્યવાદી સમાજોની સ્તરીકરણની વ્યવસ્થાઓ એક કેન્દ્ર તરફ આવશે એટલે કે સમાન સ્વરૂપની સ્તરરચના વિકસશે. જો કે, આ સિદ્ધાંતની આકરી ટીકા થવા પામી છે. પરંતુ અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે ઉદ્યોગલક્ષી અર્થવ્યવસ્થા સ્તરીકરણના સ્વરૂપમાં પરિવર્તન લાવે છે. ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્ર આ પરિવર્તનને સમજવામાં ઉપયોગી જ્ઞાન પૂરું પાડે છે.

**(8) કર્મચારીઓ અને સંચાલકોને તાલીમ આપવામાં ઉપયોગી :**

ઉદ્યોગલક્ષી સમાજશાસ્ત્રના વિભિન્ન પ્રકારના અભ્યાસો અને તેનાં તારણો ઉદ્યોગમાં કર્મચારીઓ અને સંચાલકોને તાલીમ પૂરી પાડવામાં ઉપયોગી બને છે. ઉદ્યોગોને કર્મચારીઓ, સુપરવાઈઝરો અને સંચાલકો પૂરાં પાડતાં સમુદાયોની સામાજિક-સાંસ્કૃતિક ખાસિયતોને લગતા અભ્યાસો ઉદ્યોગોમાં કર્મચારીઓની ભરતી કરવામાં તેમજ કાર્યદળની ગોઠવણી કરવામાં માર્ગદર્શક બની શકે છે. આવા અભ્યાસો અને તેનાં તારણો અંગે કર્મચારીઓ અને સંચાલકોને તાલીમ આપવામાં ઉપયોગ કરવાથી તેઓ તેમની ભૂમિકા અસરકારક બનાવી શકે છે. સંચાલકોના સમાજશાસ્ત્રીય અભ્યાસો ઉદ્યોગલક્ષી સંચાલનમાં સુમેળભર્યા સંબંધો જાળવવામાં ઉપયોગી બને શકે છે. ખાસ કરીને વિવિધ પ્રકારના ઉદ્યોગલક્ષી પ્રબુદ્ધોની વિચારસરણી, વલણો અને મૂલ્યોને લગતા અભ્યાસો માલિકો અને સંચાલકોની સામાજિક જવાબદારી અંગે કર્મચારીઓ અને સંચાલકોને સમજ પૂરી પાડવામાં ઉપયોગી થાય છે. કામદાર સંઘોના રચનાતંત્ર અને કાર્યને લગતા તેમજ કામદાર સંઘોમાં નેતૃત્વ અને સત્તાની ઢબને લગતા અભ્યાસો અને તારણો સંચાલકો-કામદારો વચ્ચેના સંબંધોને સુમેળભર્યા રાખવા અંગેની સમજ પૂરી પાડવામાં ઉપયોગી બને છે. કામદાર-સંચાલકો વચ્ચેના સહકાર અને સંઘર્ષની સમસ્યાને લગતા અભ્યાસો અને તેનાં તારણો કર્મચારીઓમાં સહકારના મહત્ત્વની સમજ પૂરી પાડવામાં તેમજ સંઘર્ષ નિવારણની સૂઝ પૂરી પાડવામાં ઉપયોગી થાય છે. ઉદ્યોગમાં કાર્યભૂમિકા અને ભૂમિકા- સંઘર્ષ, પ્રેરણા અને પ્રોત્સાહન, સ્થાયિત્વ, ફેરબદલી, ભરતી, તાલીમ, ગેરહાજરી, પાળી પદ્ધતિ વગેરેને લગતા અભ્યાસો અને તેનાં તારણો કર્મચારીઓ અને સંચાલકોને કામદારોના વર્તન-વ્યવહારના પ્રશ્નો સમજવામાં અને તેનો ઉકેલ લાવવાની સૂઝ પૂરી પાડે છે.

Scanned with OKEN Scanner

ઉદ્યોગોમાં કર્મચારીઓને અને સંચાલકોને તાલીમ આપવામાં ઉદ્યોગના સામાજિક સંગઠનના ઉપર્યુક્ત વિભિન્ન પાસાંના અભ્યાસો અને તારણોનો ઉપયોગ કરવાથી તેઓમાં વફાદારી, આત્મવિશ્વાસ અને ગૌરવની લાગણી વિકાસ પામે છે, જે ઉદ્યોગની એકંદર કાર્યદક્ષતામાં વૃદ્ધિ કરે છે. સંક્ષેપમાં કહીએ તો કર્મચારીઓ અને સંચાલકોને તાલીમ આપવામાં ઔદ્યોગિક સમાજશાસ્ત્રના તેમના કાર્ય-સંબંધિત અભ્યાસો અને તારણોનો ઉપયોગ કરવાથી તેઓમાં કેવી રીતે કામ કરવું અને કેવી રીતે સંચાલન કરવું તે અંગેની સૂઝ કેળવાય છે.

**(9) ઉત્ક્રાંતિની પ્રક્રિયા અને ભાવિકથન કરવામાં ઉપયોગી :**

ઉદ્યોગલક્ષી સમાજોના ઉદ્ભવ-વિકાસની પ્રક્રિયાનો અભ્યાસ સમાજની ઉત્ક્રાંતિની પ્રક્રિયાને અને ભાવિ સમાજ અંગેનું ચિત્ર રજૂ કરવામાં ઉપયોગી થાય છે. ઉદ્યોગલક્ષી સમાજમાંથી અનુઔદ્યોગિક સમાજ ઉત્ક્રાંત થઈ રહ્યો છે, જેમાં સેવા ઉદ્યોગો તથા જ્ઞાન કે માહિતી અને તજ્જ્ઞોનું પ્રાધાન્ય રહે છે અને માહિતી સમાજ ઉત્ક્રાંત થાય છે. ઉત્ક્રાંતિની આવી પ્રક્રિયાનું આલેખન ઉદ્યોગલક્ષી વિકાસની પ્રક્રિયાના અભ્યાસથી શક્ય બન્યું છે. વિકસિત દેશોમાં આ પ્રક્રિયા સ્પષ્ટ રીતે જોવા મળે છે. ભારત જેવા વિકસતા દેશમાં ઉદ્યોગલક્ષી સમાજની ખાસિયતો સાથે અનુઔદ્યોગિક સમાજના અને માહિતી સમાજનાં કેટલાંક તત્ત્વો ઉત્ક્રાંત થવાનો પ્રારંભ થયાનું જણાય છે.

* * *

Scanned with OKEN Scanner